**આજનો સુવિચાર**

જૂઠ પણ બહુ વિચિત્ર હોય છે, તમે બોલો તો સારું લાગે, અને બીજા બોલે તો ગુસ્સો આવે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૩ જૂનાગઢ તા.૨૯-૧૧-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 293, Junagadh : Date : 29 November, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ‘ગબ્બરસિંહ નમસ્તે’ કહીને વડાપ્રધાને સુરંગમાંથી સલામત બહાર આવેલા શ્રમિકો સાથે વાત કરી



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૯ વડાપ્રધાને ઉતરકાશીમાં સર્જાયેલી સુરંગ દુર્ઘટનામાં ૧૭ દિવસ બાદ હેમખેમ બહાર આવેલા ૪૧ કામદારો સાથે ફોન પર વાતચીત કરી તેઓએ કપરી સ્થિતિમાં જે રીતે ધૈર્ય-સંયમ જાળવી રાખ્યો તેની પ્રશંસા કરી હતી. મજદુરોએ તેઓએ કઈ રીતે ૧૭ દિવસ સુરંગમાં વિતાવ્યા તેની માહિતી વડાપ્રધાનને આપી હતી.

મોદીએ વાતચીતની શરુઆતમાં કહ્યું કે કેદારનાથ બાબા અને બદ્રીનાથ ભગવાનની કૃપા રહી કે તમામ મજદુરો સલામત બહાર આવ્યા હતા. તેઓએ ધૈર્ય બનાવી રાખ્યો તે મોટી વાત છે. વડાપ્રધાન મોદીએ સુરંગમાં ફસાયેલા મજદૂરનું નામ લઈને ગબ્બરસિંહ નમસ્તે કહીને સૌના દિલ જીતી લીધા હતા. કામદારોએ વડાપ્રધાનને જણાવ્યું કે અમો ૧૮ દિવસ સુરંગમાં રહ્યા પણ કદી ગભરાયા ન હતા. અમો ભાઈની જેમ રહેતા હતા અને સૌ એક બીજાને યાદ કરતા હતા.

## કિંમતી ધાતુમાં આગઝરતી તેજી : સોનુ ૬૫૦૦૦ ચાંદી ૮૦૦૦૦ નજીક : શેરબજારમાં પણ તેજીનો માહોલ

મુંબઈ તા.૨૯

શેરબજાર તથા સોના-ચાંદીમાં મોટી તેજી થઈ હોય તેમ ભાવમાં મોટો ઉછાળો નોંધાયો હતો. નિફટી ફરી એક વખત ૨૦૦૦૦ને પાર થઈ ગયો હતો. સોનુ ૬૫૦૦૦ને વટાવી ગયુ હતું તથા ચાંદી ૮૦૦૦૦ની નજીક આવી ગઈ હતી.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૬૦ પોઈન્ટના ઉછાળાથી ૬૬૫૩૪ સાંપડયો હતો. જે ઉંચામાં ૬૬૫૬૭ તથા નીચામાં ૬૬૩૭૪ થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૨૦૦૦૦ની સપાટી વટાવી ગયો હતો.

સોનાના વેપારીઓએ કહ્યું કે, ધનતેરસ-દિવાળીના તહેવાર પછીના ૧૫ દિવસમાં સોનામાં દસ ગ્રામે ૩૦૦૦ રૂપિયાનો વધારો થઈ ગયો છે. ધનતેરસે સોનુ ૬૨૪૦૦ આસપાસ રહ્યું હતું. ચાંદીનો ભાવ પણ ૮૦૦૦૦ની નજીક પહોંચ્યો હોય ૭૯૬૦૦ સાંપડયો હતો.

## શ્રમિકોને બચાવનાર ટીમની વડાપ્રધાને ભરપૂર પ્રશંસા કરતા કહયું, ‘શ્રમ વિરોને સલામ’

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૯ દેશની સામે સર્જાયેલા એક અભૂતપૂર્વ સંકટ જેવી દુર્ઘટનામાં ઉતરકાશીની સિલકયારા સુરંગમાં ફસાયેલા ૪૧ મજદૂરોને હેમખેમ ઉગારવાના ચલાવાયેલા ઓપરેશનમાં સફળતા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કામગીરી સફળ બનાવનાર એનડીઆરએફ તથા એસડીઆરએફના ટીમના જવાનોની ભરપુર પ્રશંસા કરતા તેમને ‘શ્રમવિર’ તરીકે સંબોધન કર્યુ હતું તથા તમામ ૪૧ મજદૂરો સાથે પણ વાતચીત કરીને તેઓના ધૈર્ય-સંયમની પ્રશંસા કરી હતી. ગઈકાલે બપોર બાદ તમામ ૪૧ મજદૂરો સલામત બહાર આવતા જ સમગ્ર દેશે એક રાહતનો શ્વાસ લીધો હતો તો બીજી તરફ આ કામગીરી સફળ બનાવનાર રાહત ટીમ પ્રત્યે દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ રાહત બચાવ ટીમ સાથે દિલ્હીની વર્ચ્યુઅલ વાતચીત કરી હતી તથા તેઓને કહ્યું કે આપની બહાદુરી તથા સંકલ્પ શક્તિ એ શ્રમિકભાઈઓને નવું જીવન આપ્યું છે અને આ મીશનમાં સામેલ દરેક માનવતા અને ટીમ વર્કનું અજોડ દ્રષ્ટાંત પુરુ પાડયું છે. મોદીએ કહ્યું કે વિવિધ એજન્સીઓ સાથે મળીને કામ કર્યુ અને અભિયાનને સફળ બનાવતા જુસ્સાનું પ્રદર્શન કર્યુ. તેઓને હું શ્રમવીર કહું છું અને તેમને સલામ કરું છું.





**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો

કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**

શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય

મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫


## સરકારે એક સાથે ૭૦ લાખ મોબાઈલ નંબર બ્લોક કરી દીધા

નવી દિલ્હી તા. ૨૯ : દેશમાં ડિજિટલ અને ઓનલાઈન છેતરપિંડીના કેસ ઝડપથી વધી રહ્યા છે. સાયબર ગુનેગારો ફોન કોલ્સ અને મેસેજિંગ દ્વારા લોકોને છેતરવા માટે નવી રીતો અજમાવતા હોય છે. નાણાકીય સેવા સચિવ વિવેક જોશીએ જણાવ્યું હતું કે સરકારે ડિજિટલ ફ્રોડને રોકવા માટે શંકાસ્પદ વ્યવહારો સાથે સંકળાયેલા ૭૦ લાખ મોબાઈલ નંબરને સસ્પેન્ડ કર્યા છે.

આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમ છેતરપિંડી અંગે, નાણાકીય સેવા સચિવે જણાવ્યું હતું કે રાજયોને આ મુદ્દા પર ધ્યાન આપવા અને ડેટા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે.

## લાઉડ સ્પીકરથી અઝાન પર પ્રતિબંધ મુકવાની માંગણી કરતી પીઆઈએલ હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ તા. ૨૯ : ગુજરાત હાઈકોર્ટે મસ્જિદોમાં અઝાન અથવા નમાજ માટે લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધની માંગ કરતી પીઆઈએલને ફગાવી દીધી હતી, અને તેને ‘સંપૂર્ણપણે ખોટી ધારણા’ પર આધારિત ગણાવી હતી. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરુદ્ધ પી. માયીની ડિવિઝન બેન્ચે સુનાવણી દરમિયાન પૂછ્યું હતું કે શું અરજદાર એવો દાવો કરી શકે છે કે મંદિરમાં આરતી દરમિયાન ઘંટનાદનો અવાજ બહાર સંભળાતો નથી. બજરંગ દળના નેતા શકતિસિંહ ઝાલા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે લાઉડસ્પીકર દ્વારા અઝાનથી થતા ‘ધ્વનિ પ્રદૂષણ’ લોકોના સ્વાસ્થ્યને, ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્યને અસર કરે છે અને અસુવિધાનું કારણ બને છે. જો કે, હાઈકોર્ટે કહ્યું કે અરજીમાંના દાવાઓનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. હાઈકોર્ટે કહ્યું કે અઝાન દિવસના અલગ-અલગ કલાકોમાં એક સમયે વધુમાં વધુ ૧૦ મિનિટ માટે કરવામાં આવે છે. કોર્ટે એમ પણ કહ્યું કે, અમે એ સમજવામાં નિષ્ફળ ગયા છીએ કે કેવી રીતે સવારે લાઉડસ્પીકર દ્વારા અઝાન આપતો માનવ અવાજ ધ્વનિ પ્રદૂષણના સ્તર (ડેસિબલ્સ) સુધી પહોંચી શકે છે, જેનાથી મોટાભાગે લોકોના સ્વાસ્થ્યને જોખમ છે. હાઈકોર્ટે કહ્યું, અમે આ પ્રકારની પીઆઈએલ પર વિચાર કરી રહ્યા નથી. આ એક એવી માન્યતા અને પ્રથા છે જે વર્ષોથી ચાલી આવે છે અને પાંચ-દસ મિનિટ માટે થાય છે. હાઈકોર્ટે અરજીકર્તાના વકીલને પૂછ્યું, ‘તમારા મંદિરમાં સવારની આરતી પણ ડ્રમ અને સંગીત સાથે સવારે ત્રણ વાગ્યે શરૂ થાય છે. શું તમે કહી શકો કે ઘંટ અને ઘંટનો અવાજ ફક્ત મંદિરના પરિસરમાં જ રહે છે અને મંદિરની બહાર ફેલાતો નથી’ હાઈકોર્ટે કહ્યું કે ધ્વનિ પ્રદૂષણના સ્તરને માપવા માટે એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે, પરંતુ પિટિશનમાં ૧૦ મિનિટની અઝાનથી અવાજનું પ્રદૂષણ થાય છે તે દર્શાવવા માટે કોઈ ડેટા આપવામાં આવ્યો નથી.

## ભાવનગરનાં ભૂતપૂર્વ ધારાસભ્ય સુનિલ ઓઝાને હૃદયરોગનો હુમલો આવતા નિધન

ભાવનગર, તા.૨૯: ભાવનગરના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને બિહાર ભાજપના સહપ્રભારી સુનિલ ઓઝાનું આજે વહેલી સવારે હાર્ટ એટેકના કારણે દિલ્હી ખાતે અવસાન થયું છે. વારાણસી સીટનો વર્ષો સુધી હવાલો સંભાળનાર સુનિલ ઓઝાએ તાજેતરમાં જ રમેશ ઓઝાની કથાનું આયોજન કાશી ખાતે કર્યુ હતું. સુનિલ ઓઝા ભાવનગરના પૂર્વ ધારાસભ્ય હતા અને છેલ્લા દસ વર્ષથી વારાણસી ખાતે થયા સ્થાયી હતા. સુનિલ ઓઝાના અચાનક નિધનથી ભાજપનાં વર્તુળોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.


સૌથી જુનુ અને અનુભવી શિક્ષણનું પરબ એટલે ‘‘યુનિવર્સલ ગૃપ ટયુશન’’

નિવૃત શિક્ષક અગ્રાવત સર દ્વારા સંચાલીત

**યુનિવર્સલ ગ્રુપ ટયુશન**

પ્રથમ સત્રનાં PR કરતા વાર્ષિક પરીક્ષામાં વધુ PR લાવવા આજે જ એડમીશન મેળવો.

**એડમીશન પ્રક્રિયા ચાલુ છે**

- મારે ભણવું છે સૌથી જુના તથા ૪ પેઢીનાં અનુભવી ટયુશન કલાસમાં જ..
- માટે જ તો શાળા ગમે તે ચાલે પરંતુ ટયુશન તો યુનિવર્સલનું જ
- દરેક વર્ગમાં મર્યાદીત સંખ્યા રાખતા હોવાને લીધે પ્રથમ સત્રમા જે બાળકો એડમીશનથી વંચીત રહયા છે તેઓ આજે જ ટયુશનની મુલાકાત લે

ધો. ૮ થી ૧૨ (આર્ટસ / કોમર્સ)માં એડમીશન ચાલુ છે

એકતાનગર સોસાયટી, તુલજા ભવાની ૨૪ કલાક મેડીકલ વાળી શેરી, ટીંબાવાડી, જૂનાગઢ.
મો. ૯૮૭૯૭ ૮૮૮૯૧ / ૭૮૭૮૧ ૮૨૧૩૨

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ

**CNG - LPG રી-ટેસ્ટીંગ**

**CNG** ફીટીંગ સેન્ટર

**યશ ઓટો ગેસ**

મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

**હોટેલ ગ્રીનલેન્ડ**

જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ

HOTEL GREENLAND | THAKAR ઠાકરથાળ

સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન

મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ

**ઠાકર થાળ** એક ખાનદાની પરંપરા

સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ

જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com


## અમેરીકાએ ૧.૪૦ લાખ ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપ્યા : રેકોર્ડ



નવી દિલ્હી તા. ૨૯ એક તરફ કેનેડા સાથે ભારતના તંગદીલીભર્યા સંબંધોની ચર્ચાથી અહી અભ્યાસ માટે જનારા વિદ્યાર્થીઓની સંખ્યા અંગે પ્રશ્ન છે તો અમેરિકાએ ગત વર્ષે ૧.૪૦ લાખ ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિઝા આપીને રંગ રાખ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચે સતત ગાઢ બનતા જતા સંબંધોના આ પુરાવા ગણાય છે અને આ વર્ષે પણ ભારતીય વિદ્યાર્થી વિસાની માંગને પહોંચી વળવા માટે તમામ તૈયારીઓ કરશે.

અમેરિકાના વિઝા સેવા વચ્ચેના ડેપ્યુટી આસીસ્ટન્ટ ઓફ સ્ટેટ જુલી સ્ટેટે એક વાતચીતમાં જણાવ્યું હતું કે ભારત ખાતેના અમેરિકી રાજદ્વારી મીશન ભારતીય વિદ્યાર્થીઓને વિઝા પ્રક્રિયા પુરી કરી શકાય તે માટે સપ્તાહના છ-સાત દિવસ કામ કરે છે. અમોને એ ગૌરવ છે કે અમો ભારત માટે આ કરી રહ્યા છે અને પ્રથમ વખત એ બન્યું છે કે અમોએ ભારતીય માટે ૧૦ લાખ વિઝાનો જે વિસા લક્ષ્યાંક રાખ્યો તે હાંસલ કર્યા અને તેનાથી પણ વધુ વિઝા આવ્યા હતા.


નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

**શુભમ્ હોસ્પિટલ**



અનુભવ
2004-2009 - સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ.
2009-2022 - ચીફ પીડીયાટ્રીશીયન લાઈફકેર હોસ્પિટલ, જૂનાગઢ.
2022-Cont. - ચીફ પીડીયાટ્રીશીયન, શુભમ હોસ્પિટલ, જૂનાગઢ.
2020-Cont. - આસી. પ્રોફેસર, GMERS મેડીકલ કોલેજ, જૂનાગઢ.
NALS, PALS
વિશ્વની વિવિધ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો અનુભવ.

ડો. કલ્પેશ કે. બાખલકીયા
(એમ.ડી. પીડીયાટ્રીકસ)
નવજાત શીશુ તેમજ બાળરોગ નિષ્ણાંત

Scan for Address

- ૧૮ વર્ષના અનુભવી એવા ડૉ. કલ્પેશ બાખલકીયાની દેખરેખ હેઠળ અત્યાધુનીક બાળકો તેમજ નવજાતશીશુ વિભાગ
- ૧૦ બેડની સુવિધાવાળુ, અત્યાધુનીક Level-3 NICU
- વેન્ટીલેટર (Simmense), મલ્ટીપેરા મોનીટર, LED ફોટોથેરાપી યુનીટ, CPAP, સેન્ટ્રલ મોનીટરીંગ સીસ્ટમ.
- ૨ અલગ NICU જેમાં Infection અને Non Infection દર્દીની અલગથી સુવિધા.
- અધુરા મહીને જન્મેલા (Premature) શ્વાસની તકલીફ વાળા (RDS), બર્થ એસ્ફેકસીયા, કમળો, ઈન્ફેકશન, જેવી બીમારીની અત્યાધુનીક સારવાર.
- ટેલીમેડીસીન દ્વારા વિશ્વની અત્યાધુનીક હોસ્પિટલો સાથે કોમ્યુનીકેશન તેમજ સારવારમાં સહયોગ.
- ૩૦ બેડની સુવિધા વાળો બાળરોગ વિભાગ
- જેમાં જનરલ રૂમ, સેમીસ્પેશીયલ તેમજ સ્પેશીયલ રૂમની સુવિધા.
- અત્યાધુનીક ડીલક્સ રૂમ કે જેમાં AC, TV (ઈન્ટરનેટ સુવિધા સાથે), ફ્રીઝ, ગીઝર, પર્સનલ કબાટ, જેવી લકઝરી સુવિધા.
- ૨૪ કલાક ઓન ડયુટી ડોકટરની હાજરી
- ક્વોલીફાઈડ સ્ટાફ કે જેમની દર્દી પર સતત ૨૪ કલાક દેખરેખ.
- વિશાળ પાર્કીંગ, ૨૪ કલાક સીક્યોરીટી, ફાયર સેફટી, સેન્ટ્રલ આર.ઓ. સિસ્ટમ, જનરેટરની સુવિધા.
- વિશાળ AC વેઈટીંગ એરીયા.
- ૨૪ કલાક લેબોરેટરી તેમજ મેડીકલ સ્ટોરની સુવિધા.

મુખ્યમંત્રી અમૃતમ (મા) આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી યોજનામાં (PM-JAY) કાર્ડ હેઠળ બાળકની સારવાર મફત

૦ થી ૨૮ દિવસ

અધુરા મહિને જન્મેલા, ઓછા વજનવાળા, ચેપ લાગેલા, વેન્ટીલેટરની જરૂર હોય તથા તમામ પ્રકારના નવજાત શિશુ રોગોનું નિદાન તથા સારવાર કાર્ડ હેઠળ મફતમાં કરવામાં આવશે.

જરૂરી ડોક્યુમેન્ટ : માતા તથા પિતાનું કાર્ડ આયુષ્યમાન ભારત કાર્ડ (PM-JAY)

શુભમ હોસ્પિટલ કોમ્પલેક્ષ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી નજીક, જૂનાગઢ.
મો. ૮૧૫૬૦ ૭૦૦૦૦, ઇમરજન્સી મો. ૯૭૧૨૧ ૯૪૫૯૯

**દાણાપીઠમાં મકાન વેચવાનું છે**


જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું, ૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.

: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

# જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૭૭માં એટીએમ આદર્શ લગ્ન યોજાયા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢના સત્યમ સેવા યુવક મંડળ દ્વારા અખંડ રામધુન ચાલે છે તે હોલ ખાતે એટીએમ લગ્ન યોજાયા હતા. બ્રાહ્મણ જ્ઞાતિની દીકરી અંજલીબેન જોશી કે જેને પોતાના માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ હોય અને સંસ્થાને રજૂઆત કરતા જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા સંસ્થાના હોલમાં ૭૭માં એટીએમ લગ્ન કરાવી કરિયાવરમાં બે ગ્રામ સોનાનું મંગલસૂત્ર, સોનાનો દાણો, ડ્રેસીંગ ટેબલ, ખુરશી જેવી નાની મોટી ૪૮ જેટલી વસ્તુઓ સાથે વિદાય કરવામાં આવી હતી. આ લગ્ન કાર્યક્રમાં દીકરીને આશીર્વાદ આપવા માટે ડો. પાર્થ ગણાત્રા, આશિષભાઈ રાવલ, પુષ્પાબેન પરમાર, શૈલેષભાઈ વિઠલાણી, બટુકબાપુ, દીપલભાઈ રૂપારેલીયા વગેરે ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. આ લગ્ન કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અલ્પેશભાઈ પરમાર, શાંતાબેન બેસ, કે.એસ. પરમાર, મનહરસિંહ ઝાલા, પરેશભાઈ બાટવિયા, પ્રવીણભાઈ જોશી, બાલાભાઈ તન્નારાણા, સરોજબેન જોશી, પ્રજ્ઞેશભાઈ વાજા, મનોજભાઈ સાવલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને આ મા-બાપ વિહોણી દીકરીને રંગે ચંગે કરિયાવર સાથે સાસરે વળાવવામાં આવી હતી.

# શ્રી ભારતી આશ્રમ પ્રેરીત હરીદ્વારના આંગણે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

શ્રી ભારતી આશ્રમ પ્રેરીત દેવભૂમિ હરીદ્વારના આંગણે ભાથીરથી માં ગંગા તટે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન સમગ્ર જન હિતાર્થે ગિરનારી સંત બ્રહ્મલીન સંત પૂજય મહામંડલેશ્વર વિશ્વભર ભારતીબાપુના દિવ્ય આર્શીવાદથી તથા પૂજય મહામંડલેશ્વર શ્રીશ્રી ૧૦૦૮ હરીહરાનંદ ભારતીબાપુની પ્રેરણા અને સાનિધ્યમાં તા.૧૧-૫-૨૦૨૪ વૈશાખ સુદ ૪ શનિવારથી તા.૧૭-૫-૨૦૨૪ વૈશાખ નૌમ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનો કાર્યક્રમ યોજાશે. વ્યાસપીઠ ઉપર સુપ્રસિધ્ધ કથાકાર રામેશ્વરબાપુ હરીયાણી કથાનું પાન કરાવશે. આ દિવ્ય ધર્મોત્સવમાં સહભાગી બનવા સૌ સેવકગણ તેમજ ભકતગણોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે અને યાત્રા ટ્રેન દ્વારા યોજવામાં આવશે તો ટ્રેનમાં ટિકીટ બુકિંગ ચાર મહિના પહેલા કરવાનું હોય તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં ટિકીટનું બુકિંગ કરવા જણાવેલ છે. આ કાર્યક્રમમાં લઘુમહંત મહાદેવ ભારતીબાપુના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ભોલેનાથ અન્નક્ષેત્ર - જૂનાગઢ ખાતે યાત્રીકોએ પ્રસાદનો લીધો લાભ

જૂનાગઢ તા.૨૯

જુનાગઢમાં ભવનાથ ખાતે વર્ષોથી ભોલેનાથ અન્નક્ષેત્ર પ્રથમ અશોકના શીલાલેખની પાસે કાર્યરત છે. આ અન્નક્ષેત્રના સંચાલક સૈજા ભગત દ્વારા શરૂ કામ કરવામાં આવે છે. અને સારા કામના સો સાથી તેના ભાગ રૂપે મે તો ચલા થા અકેલા, લોગ મીલતે ગયે ઓર કારવા બનતા ગયા" એમ સારાકામમાં લોકો જોડાતા ગયા અને અશોક શીલાલેખ પાસે રોડ બનતા લાખા કોઠા પાસે તંત્ર દ્વારા ફોરેસ્ટ ગેસ્ટ હાઉસની સામે જગ્યા ફાળવેલ છે તેમાં વર્ષોથી પરીક્રમા અને મેળા દરમ્યાન યાત્રીકોને ભોજન પીરસી રહયા છે. ચાલુ વર્ષે ભાવીકોના ઘસારાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે અને લાખો પરીક્રમાર્થીઓને પ્રસાદ પીરસવામાં આવે જેમાં ૧૩૫૦ કીલો ચોખા અને મગભરડા ની ખીચડી પીરસવામાં આવેલ. ૧૧૦૦ કીલો વેસણમાંથી ગાઠીયા તથા ગરમાગરમ લાઈવ ઢોકળા પીરસવામાં આવેલ હતા. ૧૨૦૦ કીલો રવા માંથી રવાનો શીરો જેમાથું ચાપાણી તથા રવામાં વપરાયેલ ખાંડ ૧૫૦૦ કીલો તેલ ૧૦૫ ડબ્બા અને ૧૨૦૦ કીલો ઘઉંના લોટની રોટલી તથા ૨૦૦૦ કીલો કાચી સક્જીમાંથી શાક બનાવી ભાવીકોને પીરસવામાં આવેલ. વાવાઝોડા વરસાદને કારણે અન્નક્ષેત્ર ૧ દિવસ વહેલુ બંધ કરવુ પડેલ નહીં તો આ વપરાશ આનાથી વધારે હોત, ૫ દિવસ દરમ્યાન યાત્રીકો માટે ચાની વ્યવસ્થા કરવામાં આવેલ આમ, લાખો ભાવીકોએ પ્રસાદ ગ્રહણ કરેલ હતો. આ અન્નક્ષેત્રમાં સંચાલકશ્રી સૈજાભગત, મહેશભાઈ પોશીયા, ભરતભાઈ રામાણી, રમેશભાઈ સુવાગીયા (મામા), પરેશભાઈ શર્મા, બકુલભાઈ વાઘેલા, એક પોલીસ અધીકારી દેવશીભાઈ પીઠીયા, જીવરાજભાઈ પટેલ, રામભાઈ રાડા, રામલાલ, સુવાગીયા સાહેબ તેમજ જુનાગઢ જોશીપરા, ગ્રોફેડ વીસ્તારના નામી-અનામી અસંખ્ય કાર્યકર્તાઓએ ભાવતા ભોજન પીરસેલ હતા. તેમજ સંપુર્ણ પણે દાતાઓના સહકારથી ચાલતા આ અન્નક્ષેત્ર માં ઘટતી રકમ અન્નક્ષેત્રના કાર્યકર્તાઓ દ્વારા ભોગવી લેવામાં આવે છે તે ઉપરાંત આ અન્નક્ષેત્ર દ્વારા ભાદરવી અમાસ ઉપર પણ સ્મશાન પાસે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવે છે. દાદા મેકરણનુ સ્થાન આવેલ છે તે નાનુ રણ, દ્વારકા તેમજ અનેક વિધ જગ્યાએ આ ભોલેનાથ ગ્રુપ દ્વારા આ અન્નક્ષેત્ર ચાલુ કરવામાં આવેલ છે. સનાતન ધર્મની ધજા ફરકાવતી પદયાત્રા પણ શ્રાવણ મહીનામાં જુનાગઢની સોમનાથ સુધી જઈ અને ત્યાં ધજાજી ચડાવવામાં આવે છેઃ આમ, સૈજા ભગત દ્વારા પ્રગટાવેલી આ જયોત સનાતન ધર્મને ઉજાગર કરવા માટે ભોલેનાથ ગ્રુપ દ્વારા જીવંત રાખવામાં આવે છે. તેમજ દર વર્ષે ગીરનારના સફાઈ અભીયાનમાં પણ ભોલેનાથ ગ્રુપ દ્વારા ભાગ લેવામાં આવે છે. આ વખતે પોલીસ, ફોરેસ્ટ તેમજ લાગતા વળગતા તમામ તંત્ર દ્વારા પરીક્રમાર્થીઓને તકલીફ ન પડે તે માટે સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી તેમ યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ તાલુકાના વિજાપુર ગામે રત્ન કલાકારનાં ૬ દિવસ બંધ રહેલા મકાનમાંથી રૂા.૬.૮૩ લાખની મત્તાની ચોરી : તપાસનો ધમધમાટ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ તાલુકાના વિજાપુર ગામે રત્ન કલાકારનાં ૬ દિવસ બંધ રહેલા બંધ મકાનમાં ત્રાટકી તસ્કરો રૂપિયા ૬.૮૩ લાખની મત્તાની ચોરી કરીને નાસી જતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે. વિજાપુર ગામે પટેલ સમાજ પાસે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા રમેશભાઈ દુદાભાઈ કોદાવલા અને પત્ની ગીતાબેન ૫ રૂમનાં મકાનને તાળા લગાવીને ૨૧ નવેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે રાજકોટ ખાતે રહેતા પુત્ર મનીષ અને ઉમેશના ઘરે ગયા હતા અને ૨૭ નવેમ્બરના રોજ સવારના ૫ વાગ્યે પરત આવ્યાં હતા. આમ ૬ દિવસ બંધ રહેલા મકાનમાં તસ્કરો બંધ મકાનમાં પ્રવેશ્યા હતા અને રૂમના નકુચા અને કબાટની તિજોરીનો લોક તોડી રૂપિયા ૪૦,૦૦૦ની રોકડ સોનાનો પેડલ સેટ, સોનાની લેડીઝ વીંટી, સોનાનો ચેન, સોનાનો જુનો હાર, સોનાનું બાજુબંધ, સોનાનો પોચો, સોનાની બુટી, ચાંદલો, ચાંદીના સાંકળા વગેરે મળી કુલ રૂપિયા ૬.૪૩ લાખની કિંમતના મુદ્દામાલનો હાથફેરો કરી ગયા હોવાનું જણાતાં દંપતીનાં હોશકોશ ઉડી ગયા હતા. આ અંગેની જાણ થતાં તાલુકા પોલીસે દોડી જઈને રમેશભાઈ કોદાવલાની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. મહિલા પીએસઆઈ જે. ડી. દેસાઈએ ડોગ, એફએસએલની મદદથી તપાસ હાથ ધરી છે. નાના એવા ગામમાં તસ્કરોએ તરખાટ મચાવતાં ગ્રામજનોમાં ભયનું મોજું ફરી વળ્યુ છે.

# માંગરોળ સિંધી સમાજ દ્વારા શ્રી ગુરૂનાનક જયંતિની ઉજવણી કરાઈ



## શહેરમાં પાલખી સાથે ભવ્ય પ્રભાતફેરી સત્સંગ કિર્તન મહાપ્રસાદ સહીતના કાર્યક્રમો યોજાયા

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

માંગરોળમાં ગુરૂનાનક સાહેબના ૫૫૪મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ જેમા વહેલી સવારે ઝુલેલાલ મંદિરે સત્સંગ કથા મહાઆરતી કરી પાલખી સાથે ભવ્ય પ્રભાતફેરી કાઢવામાં આવતા સતનામ વાહેગરૂના નાદ થી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ તેમજ સાંજે ખડાયતા વાડી ખાતે સત્સંગ કિર્તન પાઠ મહાપ્રસાદ તેમજ નાના બાળકોના હસ્તે કેક કાપી આતશબાજી કરી ગુરનાનકજીના જન્મ જયંતિની ભક્તિભાવ પૂર્વક શાનદાર ઉજવણી કરાઈ

ગુરૂનાનકજીના પ્રકાવપર્વના ધાર્મીક અવસરને સફળ બનાવવા માંગરોળ સિંધી સમાજ પ્રમુખ નાનકરામ સોમૈયા, ઉપપ્રમુખ અશોકભાઈ ક્રિષ્નાણી, પ્રકાશભાઈ તન્ના, સમસ્ત સિંધી નવયુવક મંડળના પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી, ઉપપ્રમુખ સુનીલભાઈ કોટક, લીનેશભાઈ સોમૈયા દિલીપભાઈ ટીલવાણી સહીત આગેવાનો દ્વારા આયોજન કરાયુ હતુ જેમા મોટી સંખ્યામાં સમસ્ત સિંધી સમાજના ભાઈઓ બહેનો વડીલો ગુરુ ભક્તોએ તમામ કાર્યક્રમોનો લ્હાવો લઈ હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમાજના તમામ વર્ગના લોકો સુધી યોજનાઓનો લાભ પહોંચાડવા અને તેમને વિકાસની મુખ્ય ધારામાં જોડવામાં ચાવીરૂપ સાબિત થશે : મંત્રી રાઘવજી પટેલ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૯

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા" સમાજના તમામ વર્ગના લોકો સુધી યોજનાઓનો લાભ પહોંચાડવા અને તેમને વિકાસની મુખ્ય ધારામાં જોડવામાં ચાવીરૂપ સાબિત થશે. સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની પાત્રતા ધરાવતા નાગરિકો, કે જેમના સુધી આ યોજનાનો લાભ ન પહોંચ્યો તેઓને લાભ મળે અને સશક્ત થાય તે હેતુથી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" આયોજિત કરવામાં આવી છે, જેના અનુસંધાને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા દરેક વોર્ડમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમ યોજાનાર છે, જેનો શુભારંભ રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. મંત્રી રાઘવજીભાઈ પટેલે ઉદબોધન કરતા જણાવ્યુ હતું કે, છેવાડાના માનવી સુધી જઈને તેને યોજનાની માહિતી, માર્ગદર્શન અને લાભ આપવામાં આવે તેવુ આયોજન દેશમાં પહેલીવાર જોવા મળ્યું છે. દેશના ઈતિહાસમાં અનેક નેતાઓ- સરકારો આવી પરંતુ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ દ્વારા આ અભૂતપૂર્વ આયોજન શક્ય બન્યું છે. પ્રધાનમંત્રી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરકારનો નિર્ધાર છે કે તમામ નાગરિકો સુધી આવાસ, પાણી, વીજળી, સ્વાસ્થ્ય, સ્વરોજગાર વગેરે પાયાની સુવિધાઓ પહોંચે. આ સુવિધાઓ પહોંચાડીને તેમને ગરીબીમાંથી બહાર કાઢવા માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજવલા યોજના, પીએમ સ્વનિધી યોજના વગેરે વિવિધ યોજનાઓ દ્વારા બહુઆયામી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પ્રભારી મંત્રી રાઘવજીભાઈએ રાજકોટ શહેરના વિકાસ સંદર્ભે કહયું હતું કે શહેરમાં અમૃત ૧ અને અમૃત ૨ ની ગ્રાન્ટ દ્વારા કરોડો રૂપિયાના માળખાગત સુવિધાના વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યાં છે. વળી, રાજકોટને એઈમ્સ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અટલ સરોવર વગેરે અનેક ભેટો મળી છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી ગામેગામ લોકોને યોજનાઓનો લાભ પહોંચશે. પહેલાના સમયમાં મોટી ઉંમરે વડીલો બીમાર પડે ત્યારે પુત્રને દેવું કરીને મોંઘી સારવાર ન કરાવવા કહેતા અને મજબૂરીથી સહન કરતાં, હવે આયુષ્માન ભારત યોજના દ્વારા મફત ઓપરેશન થઈ જાય છે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી આ પ્રશ્ન હવે ભૂતકાળ બન્યો છે. મેયર નયનાબેન પેઢડીયાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટના તમામ ૧૮ વોર્ડમાં આ યાત્રા દ્વારા સરકાર નાગરિકોના આંગણે આવીને યોજનાનો લાભ આપી રહી છે. નાગરિકોએ આ યાત્રાનાં કાર્યક્રમોમાં આવીને યોજનાઓના લાભ લઈ, અન્ય જરૂરિયાતમંદ લોકોને પણ લાભ અપાવવા અને ઉત્સાહપૂર્વક ભાગ લેવા અપીલ કરી હતી. સંતોષીનગર પ્રાથમિક શાળા ખાતે આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. મનપા કમિશ્નર આનંદ પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. મહાનુભાવોએ પ્રધાનમંત્રી સ્વનિધી યોજના, આયુષ્માન કાર્ડ, સખી મંડળ, ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને સહાયના ચેક તેમજ લાભ વિતરણ કર્યું હતું. ઉપસ્થિત તમામને વિકસિત ભારત શપથ લેવડાવવામાં આવ્યા હતાં. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે આભાર દર્શન કર્યું હતું. મંત્રીએ નાગરિકો વચ્ચે જઈ યોજનાઓના લાભો આપવા માટેના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.

# ઓખામાં પ્રતિબંધિત આલ્કોહોલયુક્ત આયુર્વેદિક પીણું વેચવા સબબ ત્રણ શખ્સો ઝડપાયા : ઉત્પાદક, સપ્લાયરની શોધખોળ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ઓખામાં જુદા જુદા બે દુકાનદારો દ્વારા આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક સીરપનું વેચાણ કરવા સબબ પોલીસે કરેલી અલગ અલગ કાર્યવાહીમાં કુલ આઠ શખ્સો સામે ગુનો નોંધાયો છે. આ પ્રકરણમાં પોલીસે બે વેપારીઓ તેમજ હોલસેલ વિક્રેતા મળી ત્રણ શખ્સોની અટકાયત કરી છે. આ સમગ્ર પ્રકરણ અંગે ઓખા મરીન પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ઓખાના નવીનગરી વિસ્તારમાં રહેતા અને આર.કે. બંદર વિસ્તારમાં મહાદેવ નામની દુકાન ધરાવતા નિલેશ ભરતભાઈ કાસ્ટા નામના ૩૫ વર્ષના યુવાન પોતાની દુકાનમાં સેલ્ફ જનરેટેડ આલ્કોહોલયુક્ત આયુર્વેદિક પીણું વેચતો હોવાનું થોડા સમય પૂર્વે પોલીસના ધ્યાન આવ્યું હતું. આથી ઓખા મરીન પોલીસે આ સ્થળેથી લોકોને આરોગ્યને નુકસાન થઈ શકે તેવું આયુર્વેદિક પીણું વેચવા સબબ નિલેશ કાસ્ટા ઉપરાંત કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામે રહેતા વિરેન્દ્રસિંહ સુરુભા જાડેજા, મૂળ ખીજદળ ગામના અને હાલ જામનગર રહેતા અર્જુનસિંહ મહિપતસિંહ જાડેજા, જામનગરના રામેશ્વર વિસ્તારમાં રહેતા દિવ્યરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, અમદાવાદના પંકજકુમાર પ્રભુદાસ વાઘેલા, વાપીના મેસર્સ એએમબી ફાર્મા સિલવાસાના પ્રોપરાઈટર તરીકે શીતલ ભાવે અને મેસર્સ હર્બોગ્લોબલ ફાર્માસ્યુટિકલ લિમિટેડ સિલવાસાના પ્રોપરાઈટર્સ સામે ગુજરાત નશાબંધી ધારાની જુદી જુદી કલમ તથા ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને મારુતિ વેગન-આર કારમાં માલની હેરાફેરી કરી હોવા ઉપરાંત બિલમાં દર્શાવેલા જીએસટી નંબરના અંકમાં પણ ફેરફાર કરી, ખોટા દસ્તાવેજો ઉભા કરી અને આવા દસ્તાવેજોને ખરા તરીકે ઉપયોગ કરવા સબબ ઓખા મરીન પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૪૬૫, ૪૬૮ ,૪૭૧ તેમજ ધી ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ જ પ્રકારે અન્ય એક ગુનામાં ઓખાના નવીનગરી વિસ્તારમાં રહેતા કુલદીપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાએ પણ થોડા સમય પૂર્વે પોતાની દુકાનમાં આ પ્રકારે આરોગ્યને નુકસાનકર્તા આલ્કોહોલયુક્ત આયુર્વેદિક પીણું વેચવા સબબ કુલદીપસિંહ જાડેજા ઉપરાંત અન્ય આરોપીઓ વિરેન્દ્રસિંહ સુરુભા જાડેજા, અર્જુનસિંહ મહિપતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, પંકજકુમાર પ્રભુદાસ વાઘેલા, શીતલ ભાવે તેમજ હર્બોગ્લોબલ ફાર્માસ્યુટિકલ લિમિટેડના પ્રોપરાઈટર્સ મળી કુલ સાત સામે પણ જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે અગાઉ આશરે ૨૭ હજારનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો.

આ બંને ગુનામાં ઓખાના પી.એસ.આઈ. આર.આર. ઝરૂએ ફરિયાદી બની અને વિરેન્દ્રસિંહ સુરૂભા જાડેજા સાથે કુલદીપસિંહ ઘનશ્યામસિંહ અને નિલેશ ભરતભાઈની વિધિવત રીતે અટકાયત કરી હતી. આ સમગ્ર પ્રકરણની વધુ તપાસ દ્વારકાના પીએસઆઈ આકાશ બારસિયા દ્વારા હાથ ધરીને અન્ય આરોપીઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# રવિવારના રોજ ચાંપરડામાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘની સાધારણ સભાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

આગામી તારીખ ૩-૧૨-૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘ દ્વારા સાધારણ સભાનું આયોજન કરેલ છે.

મિટિંગનું સ્થળ બ્રહ્માનંદ વિધા ધામ ચાપરડા મુક્તાનંદબાપુના સાનિધ્યમાં ચાપરડા ખાતે બંકિમભાઈ મહેતા પ્રમુખ, વાસુદેવભાઈ જોશી ઉપપ્રમુખ, સંજભાઈ દવે મંત્રી, જીતુભાઈ બોરીસાગર સહમંત્રી, ભવસુખભાઈ મંડીર ખજાનચી, ભરતભાઈ જોશી સહ ઓડિટર તેમજ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના ટ્રસ્ટીઓ અને જ્ઞાતિના પૂર્વ પ્રમુખ અને પૂર્વ મંત્રી સ્ટેન્ડિંગ કમિટીના હોદેદારો વિભાગીય પ્રમુખ અને કારોબારી સભ્યઓ તેમજ પ્રતિનિધિઓ અને જ્ઞાતિ અગ્રણીઓ હાજરી આપશે તેમ સંજયભાઈ જી. દવેની યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં વૃદ્ધ માતાએ પૈસા નહિ આપતા પુત્રએ માર મારી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરમાં પંચેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં રહેતા ૭૫ વર્ષીય નીલાબેન ગોવિંદભાઈ ગોહેલ મંગળવારે બપોરે તેમના ઘરે હતા ત્યારે દીકરો યોગેશે આવીને મને પૈસા આપ કેમ કહેતા નીલાબેને પોતાની પાસે પૈસા ન હોવાથી પૈસા આપવાની ના પાડી હતી. જેનાથી ઉશ્કેરાઈ જઈને પુત્ર યોગેશે વૃદ્ધ માતાને ઢીકાપાટુનો માર મારી અને પૈસા આપો બાકી હું તને જાનથી મારી નાખીશ એવી ધમકી આપી હતી. આ અંગે વૃદ્ધાએ ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે પુત્ર યોગેશ વિરૂદ્ધ કલમ ૩૨૩, ૨૯૪(બી) અને ૫૦૬(૨) મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળ તાલુકાના કોટડા ગામના ખેડૂતોને ઝહેરથી મુક્ત ખેતી કરવા માર્ગદર્શન અપાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

માંગરોળ તાલુકાના કોટડા ગામના ખેડૂતો ને મહેન્દ્ર આત્રોલીયા દક્ષેસ વાડલીયા HDFC BANK અંબુજા સિમેન્ટ કલાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેક્ટ માંગરોળ તેમજ ફાર્મર માસ્ટર ટ્રેનર મોહનભાઈ પંડિત દ્વારા જળરક્ષા ગૌરક્ષા જીવદયા ખેતર ના સેઢા ઉપર બફર ઝોન માટે વૃક્ષો વાવવા જોઈએ પક્ષીઓ જતન કરવું પર્યાવરણ જતન પ્લાસ્ટિક મુક્ત ભારત ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી ધરતીમાતાને ઝહેર મુક્ત કરવા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢ શહેરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં રથને પ્રસ્થાન કરાયું







## યાત્રાધામ અને પ્રવાસન ભૂમિ જૂનાગઢની સ્વચ્છતા જાળવવામાં સહયોગી બનીએ : કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા



જૂનાગઢ, તા.૩૦

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જૂનાગઢ શહેરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના શુભારંભ પ્રસંગે કેન્દ્ર-રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવીએ. અને બાકી રહેલ અન્ય લાભાર્થીઓને લાભ અપાવવામાં સહયોગી બનવા અનુરોધ કર્યો હતો. આ સાથે યાત્રાધામ અને પ્રવાસન ભૂમિ જૂનાગઢની સ્વચ્છતા જાળવવામાં પણ વિશેષ સહભાગી બનવા અપીલ કરી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથને ગીતાબેન પરમારે સહિતના મહાનુભાવોએ મહાનગર સેવા સદન ખાતેથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથ દોલતપરા ખાતેના અવસર પાર્ટી પ્લોટ ખાતે પહોંચતા, કુમકુમ તિલક સાથે પદાધિકારીઓ, અધિકારીઓએ સહિતનાઓએ આવકાર આપ્યો હતો.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસના પંથે અગ્રેસર કર્યું હતું. જે સમગ્ર દેશમાં વિકાસનું એક રોલ મોડલ બનીને ઉભર્યું હતું. આ વિકાસનું રોલ મોડલ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી સમગ્ર દેશમા લાગુ કર્યું છે. કેન્દ્ર - રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો આપવાથી ગરીબ વંચિતને મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવી રહ્યા છે.

મંત્રીએ ખાસ જૂનાગઢમાં પ્રવાસીઓની ખૂબ મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય ત્યારે સ્વચ્છતા જળવાઈ રહે અને કચરાનો સુવ્યવસ્થિત નિકાલ થાય તે માટે સ્વચ્છતા આગ્રહી બનવા અનુરોધ કર્યો હતો. તેમણે ખાસ કરીને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી જે ૧૭ યોજનાઓ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે તેનો લાભ મેળવવા અનુરોધ કરતા મહાનગરપાલિકા દ્વારા વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી આરોગ્ય સેવાઓને બિરદાવી હતી.

આ પ્રસંગે મેયર શ્રીમતી ગીતાબેન પરમારે ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી પ્રજાલક્ષી યોજનાઓનો લાભ મેળવવાનો અનુરોધ કરતા કહ્યું કે, કેન્દ્ર-રાજ્ય સરકારે આ યાત્રાના માધ્યમથી લોકોને વિવિધ સરકારી યોજનાઓના લાભો આપવાની મુહીમ શરૂ કરી છે. આ સાથે તેમણે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન ભારત કાર્ડ દ્વારા ગરીબ સામાન્ય માણસોને આરોગ્ય સેવાનો ખૂબ મોટો લાભ મળી રહ્યો હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે પ્રધાનમંત્રી સ્વ નિધિ, ઉજજવલા યોજના સહિતના વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી પોષણ અભિયાન હેઠળ જુદા જુદા મળેલા લાભો વિશે લાભાર્થીઓએ પ્રતિભાવ આપ્યા હતા. ઉપરાંત ભારત - ગુજરાતના સર્વાંગી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નિહાળી હતી. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર રાજેશ તન્નાએ શાબ્દિક સ્વાગત અને ડેપ્યુટી કમિશ્નર એ.એસ. ઝાંપડાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના અંતે મંત્રી સહિતના મહાનુભાવોએ જુદી જુદી યોજનાઓ અને સેવાઓ માટે સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી મેયર હિમાંશુ પંડ્યા, કોર્પોરેટર દિવાળીબેન પરમાર, શોભનાબેન પિઠીયા, અગ્રણી ભરતભાઈ ગાજીપરા, ઓમભાઈ રાવલ, માલદેભાઈ, લીલાભાઈ, મનપાના સેક્રેટરી કલ્પેશ ટોલીયા સહિતના પદાધિકારી-અધિકારી ઉપસ્થિત રહ્યા હતાં.

## કેબિનેટ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયાએ ગિરનાર વન પ્રદેશમાં બિરાજમાન બોરદેવી માતાજીના દર્શન કર્યા

### મંત્રીશ્રીએ ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર પ્રતિકાત્મક રીતે સફાઈ પણ કરી



જૂનાગઢ, તા.૨૯

રાજ્યના સામાજિક ન્યાય અને મહિલા અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ આજે જૂનાગઢના પ્રવાસ દરમ્યાન ગિરનાર વન પ્રદેશમાં બિરાજમાન માતા અંબા સ્વરૂપ શ્રી બોરદેવી માતાજીના દર્શન કર્યા હતા. તેમણે બોરદેવી પરિસરમાંથી લીલીછમ વનરાઈથી ઘેરાયેલા ગિરનારને પણ નિહાળ્યો હતો. ઉપરાંત ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર પ્રતિકાત્મક રીતે સફાઈ પણ કરી હતી અને રૂટ ઉપરના કચરાને એકત્ર કચરા ટોપલીમાં નાખ્યો હતો. આ પ્રવાસ દરમ્યાન મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, કોર્પોરેટર દિવાળીબેન પરમાર, પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવે, મહિલા અને બાળ વિકાસ અધિકારી ચંદ્રેશ ભાંભી અને દહેજ પ્રતિબંધક અધિકારી વારસુર સાથે રહ્યા હતાં.

## ગરવા ગિરનાર ઉપર બિરાજમાન માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવતા કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા

### શાસ્ત્રોકત પૂજન કરી,દેશ બાંધવોની સુખ, સમૃદ્ધિ અને કલ્યાણની પ્રાર્થના કરી




જૂનાગઢ, તા.૨૯

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગરવા ગિરનાર ઉપર બિરાજમાન માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમણે શાસ્ત્રોત પૂજન કરી દેશ બાંધવોના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણની મંગલ કામના કરી હતી. મંત્રીને અંબાજી મંદિર ખાતે સેવારત મહંતે પ્રસાદીની ચુંદડી અર્પણ કરી હતી. મંત્રીએ રોપવેના માધ્યમથી માં આંબાના દર્શન કરવા પહોંચ્યા હતા. તેમની સાથે મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, કોર્પોરેટર દિવાળીબેન પરમાર, પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ વત્સલાબેન દવે, મહિલા અને બાળ વિકાસ અધિકારી ચંદ્રેશ ભાભી, દહેજ પ્રતિબંધક અધિકારી વારસુર ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સીટીના ભાઈઓએ સાહસિક ખડક ચઢાણની દસ દિવસની શિબિર પૂર્ણ કરી





જૂનાગઢ, તા. ૨૯

રાજ્ય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સીટી ભાવનગર પ્રાયોજીત ભાઈઓ માટે ખડક ચઢાણ બેઝિક કોર્સ તા. ૧૭/૧૧/૨૦૨૩ થી તા. ૨૬/૧૧/૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં મહારાજા કૃષ્ણકુમાંરસિંહજી યુનિવર્સીટી ના ૬૦ ભાઈઓ તથા ૩ જીલ્લાના ૦૪ ભાઈઓ સહીત કુલ ૬૪ જેટલા ભાઈઓએ તાલીમ લીધી હતી. શિબિરના છેલ્લા દિવસના પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યક્ષ આચાર્ય ,વાલી-એ- સોરઠ હાઈસ્કુલ, હારૂન વિહળ,ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ, ના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી ઈન્સ્ટ્રક્ટર બારૈયા કલ્પેશએ આપી હતી. કાર્યક્રમનું સંચાલન કોડીનારીયા યાજ્ઞિક અને ગુંજને કર્યું હતુ. કેમ્પ ના શિબિરાર્થીઓ કોડીનારીયા યાજ્ઞિક, ગીરનાર યશ,પરમાર ગૌતમ દ્વારા કેમ્પ ના અનુભવો વિષે તેમના અભિપ્રાય વ્યકત કર્યા હતા. આભાર વિધિ ઈન્સ્ટ્રક્ટર સંદીપભાઈ ભીલ એ કરી હતી. આ શિબિર મહારાજા કૃષ્ણકુમાંરસિંહજી યુનિવર્સીટી ભાવનગર ના કુલપતિ ડૉ. એમ એમ ત્રિવેદી તથા શારીરિક શિક્ષણ નિયામક દિલીપ સિંહ ના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં બારૈયા કલ્પેશભાઈ, બારૈયા નીલેશભાઈ, ભીલ સંદીપભાઈ, મકવાણા કિશોર, મકવાણા નીતિન, ઢાભી કલ્પેશ, વેગડ રાજદીપ ભાવનગર,માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતા. તથા પ્રો.રાજેન્દ્રસિંહ ગોહિલ શામળદાસ કોલેજ ટીમ મેનેજર તરીકે સેવા આપી હતી.

## પાંચ વર્ષથી ઘરેલુ હિંસાથી પિડીત સગર્ભા મહિલાનું કુશળ કાઉન્સિલિંગ દ્વારા સમાધાન કરાવતી કેશોદ ૧૮૧ અભયમ

જૂનાગઢ, તા. ૨૯

માંગરોળ તાલુકામાંથી મહિલા ઉપર પાંચ વર્ષથી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા સસરા, પતિ અને જેઠાણીને સમજાવી સમાધાન કરાવવામાં મદદરૂપ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન બની હતી.

માંગરોળ તાલુકાના એક ગામમાં મહિલા પર ઘણાં સમયથી સાસરીમાં સસરા પતિ અને જેઠાણી વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. મહિલા હાલ સગર્ભા હોય મહિલાના માતા પણ કેન્સરથી પીડાતા હોય તો મહિલાએ ૧૮૧ અભયમ માં ફોન કરી મદદ માંગી હતી. જેના પગલે કેશોદ ૧૮૧ ટીમના કાઉન્સેલર ડાયબેન માવદીયા સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતાં અને સ્થળ પર પહોંચી મહિલાની સમસ્યા જાણી કાઉન્સેલિગ કરતાં જાણવા મળ્યું કે મહિલાને એક દિકરી છે અને મહિલા હાલ સગર્ભા હોય અને મહિલા પર વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. પિયરમાં મોકલી ફરી પતિ તેડવા જતા અને ફરી ઘરેલુ હિંસા થતી તેથી મહિલાએ કંટાળી ૧૮૧ સેવાની મદદ લીધી હતી. ત્યારબાદ ૧૮૧ ટીમના કાઉન્સિલર દ્વારા પતિ અને જેઠાણી,સસરા વગેરે સાસરી પક્ષના સભ્યોનું કાઉન્સેલિગ કરી મહિલા તેના બાળકોના ભવિષ્ય અંગે સમજણ આપી આગેવાનો સાથે બેઠક કરી બંને પક્ષો વચ્ચેના નાના મોટા મતભેદોનું સમાધાન કરી કાયદાકીય માહિતી આપી સમજાવ્યા બાદ પતિ, જેઠાણી, સસરા વગેરેને પોતાની ભૂલ સમજાઈ અને મહિલા સાથે હવે પછી કોઈ હિંસા નહિ કરે તેની ખાત્રી આપી હતી. આમ ઘરેલુ હિંસાથી પીડિત મહિલાને તેની ઈચ્છાનુસાર સમાધાનકારી નિરાકરણ લાવવામાં ૧૮૧ ટીમને સફળતા મળી હતી.

## રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓના સ્વરોજગાર માટે કામ કરતા શ્રેષ્ઠ નોકરીદાતા – પ્લેસમેન્ટ ઓફીસર્સ દિવ્યાંગ પારિતોષિકો એનાયત કરાશે

### તારીખ ૩૦ નવેમ્બર સુધીમાં રૂબરૂ ટપાલ દ્વારા અરજી કરવાની રહેશે

જૂનાગઢ,તા. ૨૮

દિવ્યાંગતા ધરાવતા અંધ, મુક બધિર, રકતપિત તેમજ અસ્થિવિષયક ખામી અને માનસિક દિવ્યાંગતા ધરાવતા કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકિતઓ અને તેમને કામે રાખતા નોકરીદાતાઓ તથા તેમને નોકરીમાં થાળે પાડવા વિશિષ્ટ કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર માટે રાજય કક્ષાના દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા – ૨૦૨૩માં ભાગ લેવા હેતુસર અરજીપત્રકનો નમુનો અત્રેની ખાતાની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢ ખાતેથી વિનામુલ્યે અરજીપત્રક મેળવી સંપૂર્ણ વિગત ભરી અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસની અંદરનું દાકતરી પ્રમાણપત્ર અને અન્ય સંબંધિત તમામ દસ્તાવેજો તેમજ ખોડ દર્શાવતા પોસ્ટ કાર્ડ સાઈઝના ફોટોગ્રાફ બિડાણમાં સામેલ રાખવાનાં રહેશે. તેમજ નોકરીદાતા અને પ્લેસમેન્ટ ઓફીસર માટેનાં નિયત ફોર્મમાં દર્શાવેલ કોલમ મુજબની પુરેપુરી વિગતો સાથે સંબંધિત જરૂરી બિડાણો અચુક સામેલ રાખી બે નકલમાં દરખાસ્ત તૈયાર કરી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા ટપાલ મારફત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢને મોકલી આપવાના રહેશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫ ૨૬૨૦૧૩૯ પર અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## ગીર સોમનાથમાં કમોસમી વરસાદે તારાજી સર્જી, વરસાદનાં કારણે ગીરમાં ગોળ બનાવવાના ધમધમતા ૧૭૫ જેટલા રાબડા બંધ થયા છે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

ગીર વિસ્તારમાં મોટા પ્રમાણમાં શેરડીનું વાવેતર થાય છે. જેના કારણે અહીં વર્ષોથી દેશી ગોળ બનાવવાના રાબડાઓ ચાલે છે તેમજ ગીરનો દેશી ગોળ સમગ્ર દેશમાં વખણાય છે ત્યારે આ વર્ષ પણ અહી ગોળ બનાવવાના ૧૭૫ જેટલા રાબડા દિવાળી સમયે શરૂ થયા હતા જો કે અચાનક ખાબકેલા કમોસમી વરસાદે અહી પણ મુશ્કેલી સર્જી છે. વરસાદના કારણે તમામ રાબડા બંધ કરવાની ફરજ પડી છે.ગીર વિસ્તારમાં રાબડા સંચાલકના કહેવા મુજબ કમોસમી વરસાના કારણે રાબડા સંચાલકોને મોટું નુકશાન થયું છે, શેરડીનો બગાડ અને ગોળનો બગાડ થયો છે, એટલું જ નહિ મજુરને બેઠું વળતર પણ આપવું પડે છે જો હવે વરસાદ ના પડે તો પણ બે ત્રણ દિવસ હજુ પણ રાબડા બંધ રહેશે. આ બાબતે ગીર સોમનાથ રાબડા એસોસનના પ્રમુખ બાલુભાઈ ગોહિલનું કહેવું છે કે રાબડાની અંદર આગ સળગાવવા માટે નારીયેલીના પન્ના અને શેરડીના છોટાની જરૂર પડતી હોય છે પરંતુ જે વરસાદ પડ્યો તેને લઈ શેરડીના છોતાઓમાં ભેજ જોવા મળી રહ્યો છે તેને લઈ હવે જ્યાં સુધી ભેજ દૂર ના થાય અત્યાર સુધી રાબડા ચાલું થઈ શકે નહીં.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સરકારી વ્યવસ્થાને દુરસ્ત કરતા પહેલા અદાલતોએ પોતાનું ઘર સમારવાની જરૂર છે

સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશે કહ્યું છે કે દેશની તમામ સમસ્યાઓના સમાધાનની ન્યાયપાલિકા પાસે આશા રાખવી ખોટું છે. કદાચ એટલેજ બંધારણ નિર્માતાઓએ સમસ્યાઓ અને પડકારોના સમાધાન માટે સરકાર, સંસદ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે કાર્યક્ષેત્ર અને અધિકારોની વહેંચણી કરવામાં આવી હતી. ૧૯૭૩માં કેશવાનંદ ભારતી કેસમાં શીર્ષ અદાલતે સરકાર અને સંસદ સાથે અદાલતોની લ-મણ રેખાનું નિર્ધારણ કરનારા બંધારણના મૂળ માળખાના સિધાંતોનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે એ ફેંસલાને બંધારણ અને ગણતંત્રનો ધ્રુવતારો ગણાવ્યો છે. પરંતુ શક્તિઓના વિભાજન માટે સ્પષ્ટ અને લેખિત નિયમાવલી નહીં હોવાને કારણે કાર્યપાલિકા અને ન્યાયપાલિકા વચ્ચે ટક્કર થઈ રહી છે. મતભિન્નતા એક જીવંત લોકતંત્રની નિશાની છે, પરંતુ ટક્કરની વધતી સંખ્યા બધા માટે ચિંતાની વાત છે. તેના ચાર જરૂરી પાસાંની તપાસથી ન્યાયિક વ્યવસ્થાને પુષ્ટ અને દુરસ્ત કરી શકાય છે.

પહેલું, કેશવાનંદ ભારતી બાદ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી વિરુદ્ઘ અલ્હાબાદ હાઈખોર્ટના ફેંસલાથી નાખુશ સરકારે વરિષ્ઠતાને કોરાણે મૂકીને પસંદગીના જજોને નિયુક્ત કરવાની ખોટી પરંપરા શરૂ કરી હતી. ન્યાયપાલિકાને રાજકીય હસ્તક્ષેપથી બચાવવા માટે જજોએ કોલેજિયમ પ્રણાલીની શરૂઆત કરી. ન્યાયિક નિર્ણયોથી ન્યાયાધીશોની નિયુક્તિ માટે બનાવવામાં આવેલ કોલેજિયમની ભૂમિકા પર સરકાર અને ન્યાયપાલિકા વચ્ચે સૌથી વધુ ટક્કર રહી છે. ન્યાયાધીશો દ્વારા ન્યાયાધીશોની મનમાફક નિયુક્તિના દર્દને ખતમ કરવા માટે સંસદે સર્વસંમતિથી એનજેએસી આયોગની નિયુક્તિનો કાયદો બનાવ્યો. કોલેજિયમ પ્રણાલીમાં સડો હોવાની વાત સ્વીકાર્યા છતાં શીર્ષ અદાલતની બંધારણીય પીઠે એનજેએસી કાયદાને રદ્દ કરવાનો ચુકાદો આપી દીધો! પરંતુ એ ચુકાદાના આઠ વર્ષ બાદ પણ ન્યાયાધીશોની નિયુક્તિની પ્રક્રિયાને વ્યવસ્થિત કરવા માટે મેમોરેંડમ ઓફ પ્રોસિજર એટલે કે એમઓપી પર સરકાર અને ન્યાયાધીશોમાં સહમતિ નથી બની રહી. હાઈકોર્ટના ન્યાયાધીશોના ટ્રાન્સફર અને સુપ્રીમમાં તેમના પ્રમોશન વિશે ઠોસ નિયમ નહિ બનવાથી સિનિયોરિટીનું છડેચોક ઉલ્લંઘન થઈ રહ્યું છે. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોના તમામ પદ ભરેલા છે, પરંતુ હાઈકોર્ટોમાં ખાલી પદોમાં નિયુક્તિ પર ટક્કર ચાલુ છે. ખાલી પદો પર ભરતીમાં વિલંબથી યોગ્ય ન્યાયાધીશોમાં અસંતોષ વધવાની સાથે આમ જનતાને ન્યાય મળવામાં વિલંબ થાય છે. ન્યાયાધીશોની નિયુક્તિ, ટ્રાન્સફર અને પ્રમોશનના નિયમોનું એમઓપીના માધ્યમથી લેખિતમાં નોટિફાઈ કરવાની જરૂર છે. પારદર્શી વ્યવસ્થામાં નિષ્પક્ષ અને યોગ્ય ન્યાયાધીશોની નિયુક્તિથી ન્યાયપાલિકા પ્રત્યે જનતાનો ભરોસો વધવાની સાથે સરકાર સાથે જજોનો ટકરાવ પણ ઓછો થશે.

બીજું, પીઆઈએલ (જાહેર હિતની અરજી) સરકાર અને ન્યાયાધીશો વચ્ચે ટકરાવનું સૌથી મોટું માધ્યમ છે. કલમ-૨૨૬ અંતર્ગત હાઈકોર્ટ અને કલમ-૩૨ અંતર્ગત સુપ્રીમ કોર્ટને જનતાના મૂળ અધિકારોની રક્ષા માટે આદેશ આપવાની સાથે જ ખોટા કાયદાઓને રદ્દ કરવાનો અધિકાર છે. ૧૯૭૯ની આસપાસ જેલોમાં બંધ કેદીઓના છૂટકારા માટે જનહિત અરજીની મોટી શરૂઆત થઈ. છેલ્લા કેલાય વર્ષોથી દરેક દર્દની દવા બની ચૂકેલ પીઆઈએલથી વધી રહેલ ન્યાયિક સક્રિયતા વિરૂધ્ધ તમામ પક્ષોના નેતાઓ અને સરકારોએ ચિંતા જાહેર કરી છે. સેમ સેક્સ મેરેજ, સમાન નાગરિક સંહિતા, વૈવાહિક દુષ્કર્મ જેવા અનેક કેસોમાં કાયદો બનાવવાનો અધિકાર સંસદ પાસે હોવા છતાં અદાલતોમાં લાંબી-પહોળી સુનાવણીનું ચલણ વધી ગયું છે! કેટલાય ન્યાયાધીશોએ પણ પીઆઈએલના દુરુપયોગ અને રાજકીય ઉપયોગ પર ગુસ્સો જાહેર કર્યો છે. પીઆઈએલના દુરુપયોગને રોકવા માટે બનાવવામાં આવેલ લેખિત નિયમોનું હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જ પાલન નહિ થવાથી ન્યાયિક અરાજકતા પણ વધી રહી છે. પરંતુ એ પણ હકીકત છે કે પીઆઈએલની સંખ્યામા ંવધારાથી સરકાર અને સંસદની સંસ્થાગત નિષ્ફળતા ઉજાગર થઈ રહી છે.

ત્રીજું, અનેક રાજકીય કેસોમાં રાજ્યોમાં પોલીસ અને કેન્દ્રની એજન્સીઓ બિનજરૂરી ધરપકડોથી લોકોની સ્વતંત્રતાનું હનન કરે છે. તમામ કેસોમાં અભિવ્યક્તિની આઝાદી અને જીવનના બહુમૂલ્ય અધિકારની રક્ષા કરવી અદાલતોની સૌથી મોટી જવાબદારી છે. પરંતુ આ કેસોને સંભાળવામાં બે પ્રકારના વિરોધાભાસને કારણે ન્યાયાધીશોની ટીકા થાય છે. એક તો ધરપકડ અને જામીન સાથે જોડાયેલા કેસોમાં જિલ્લા અદાલતોમાં જ શરૂઆતી સુનાવણી અને ફેંસલો થવો જોઈએ. બીજું, આમ જનતાને વર્ષોવર્ષ ન્યાય નથી મળતો, પરંતુ વીઆઈપી લોકો માટે અડધી રાત્રે પણ શીર્ષ અદાલતમાં તાબડતોબ સુનાવણી થઈ જાય છે. કાયદાકીય પિરામિડને અવગણીને મોટા કેસોની સુપ્રીમ કોર્ટમાં સીધી સુનાવણી થવાથી સમાનતાનો કાયદો ધ્વસ્ત થઈ રહ્યો છે. ચાર વરિષ્ઠ જજોની પ્રેસ કોન્ફરન્સ બાદ પણ શીર્ષ અદાલતની કાર્યપ્રણાલી, કેસોની સુનાવણી અને લિસ્ટિંગ માટે ઠોસ સુધાર નથી થઈ શક્યા.

ચોથું, શક્તિઓના વિભાજન છતાં રાજ્યોના મુખ્યમંત્રી, હાઈકોર્ટના ન્યાયાધીશ, કેન્દ્રીય કાયદા મંત્રી અને સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની વાર્ષિક કોન્ફરન્સનો રિવાજ છે. ૨૦૧૬ની કોન્ફરન્સ સમયે અદાલતોમાં ૨.૬૧ કરોડ કેસો પડતર હતા, જે હવે વધીને પાંચ કરોડથી વધારે થઈ ગયા છે. કેસોના વધતા બોજ અને જેલોમાં વધતી ભીડ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડાપ્રધાન મોદી અને ન્યાયાધીશોએ કેટલીય વાર ચિંતા વ્યક્ત કરી છે. ગરીબ-અમીર બધા લોકો કાયદા સામે બરાબર છે. આમ જનતાના કેસોને બાજુમાં હડસેલીને વગદારો, વીઆઈપી અને શહેરી ધનાઢ્ય લોકોના કેસોમાં જલ્દી સુનાવણી અને ચુકાદાથી કાયદા અને ન્યાયાધીશોમાં ભરોસો કમજોર થાય છે. કેસોમાં વહેલો ચુકાદો, જામીનની જલ્દી સનાવણી અને વિચારાધીન કેદીઓના છૂટકારા પર ફોકસ કરવાને બદલે સરકારના કેસોમાં વિના કારણે હસ્તક્ષેપ માટે ન્યાયાધીશોની સૌથી વધુ ટીકા થાય છે.

એવા કેસોમાં વિવાદ પેદા કરીને સોશ્યલ મીડિયામાં સરકાર અને ન્યાયાધીશોના ટકરાવના ફેક ન્યૂઝ વાયરલ કરવા કેટલાક લોકોનો ધંધો થઈ ગયો છે. ટકરાવ વધારવા માટે એવા આભાસી પ્રયાસોથી સરકાર અને ન્યાયપાલિકાની સાથે સમાજ અને દેશ, બંનેનું મોટું નુક્સાન થઈ રહ્યું છે. બંધારણીય સીમાઓનું અતિક્રમણ કરીને સરકારી વ્યવસ્થાને દુરસ્ત કરતાં પહેલાં અદાલતોએ સૌથી પહેલાં પોતાનું ઘર સમારવાની જરૂર છે.

# ૧ ફેબ્રુઆરીના રોજ સરકાર રજૂ કરશે વચગાળાનું બજેટ

## ચૂંટણી બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફરીથી ભાજપની સરકાર રચાયા બાદ ૫ જુલાઈએ સંપૂર્ણ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, આ પહેલાં ૨૦૧૯માં રજૂ થયું હતું




નવી દિલ્હી, તા.૨૯ નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વચગાળાનું બજેટ રજૂ કરશે. જોકે, સરકારે આ અંગે કોઈ ઔપચારિક જાહેરાત કરી નથી. પરંતુ સામાન્ય રીતે, જે વર્ષમાં લોકસભાની ચૂંટણી યોજાય છે, તે વર્ષમાં વર્તમાન સરકાર ૧ ફેબ્રુઆરીના રોજ વચગાળાનું બજેટ રજૂ કરે છે. તેમજ ચૂંટણીના પરિણામો બાદ નવી સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરે છે. જણાવી દઈએ કે, અગાઉ વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. ત્યારે આ દરમિયાન કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ૧ ફેબ્રુઆરીના રોજ વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. કારણ કે તત્કાલિન નાણામંત્રી અરુણ જેટલી સારવાર અર્થે વિદેશ ગયા હતા. ચૂંટણી બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફરીથી ભાજપની સરકાર રચાયા બાદ ૫ જુલાઈએ સંપૂર્ણ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. વચગાળાના બજેટ દ્વારા સંપૂર્ણ બજેટ પાસ ન થાય, ત્યાં સુધી સરકારના ખર્ચનું સંચાલન કરવામાં આવે છે. પરંતુ તેમાં સમગ્ર વર્ષનું ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટ સામેલ હોય છે. સરકાર સમગ્ર નાણાકીય વર્ષ માટે ખર્ચ અંદાજ રજૂ કરે છે. તેમાં સરકારને ટેક્સ દ્વારા કેટલી રકમ મળશે, તેનો અંદાજ પણ સામેલ હોય છે. આ ઉપરાંત સરકારના વિવિધ મંત્રાલયોના ખર્ચ માટે ફાળવણી કરે છે. ઘણી વખત વચગાળાના બજેટની દરખાસ્તો અને સંપૂર્ણ બજેટની દરખાસ્તો વચ્ચે તફાવત હોય છે. ચૂંટણીના પરિણામો પહેલા તે જાણી શકાતું નથી કે કઈ પાર્ટી નવી સરકાર બનાવશે, જેથી સરકાર ચૂંટણી પહેલાં વચગાળાનું બજેટ રજૂ કરે છે. માનવામાં આવે છે કે ચૂંટણી પરિણામો પછી નવી રચાયેલી સરકાર પોતાના અનુસાર નાણાંકીય વર્ષના બાકીના મહિનાઓ માટે બજેટ રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે, નાણાંમંત્રી નિર્મલા સિતારમણે ૫ જુલાઈ, ૨૦૧૯ના રોજ મોદી સરકાર ૨.૦નું પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કર્યું હતું. આઝાદી બાદ કેન્દ્ર સરકારનું બજેટ રજૂ કરનાર નિર્મલા સિતારમણ બીજી મહિલા હતી. આ અગાઉ ઈન્દિરા ગાંધીએ કેન્દ્ર સરકારનું બજેટ રજૂ કર્યું હતું. નોંધનીય છે કે, પીયૂષ ગોયલે વર્ષ ૨૦૧૯ના વચગાળાના બજેટમાં ઘણી મોટી જાહેરાતો કરી હતી. તેમણે ખેડૂતો, અસંગઠિત ક્ષેત્રના કામદારો, કરદાતાઓ, સ્જીસ્ઈ સહિત ઘણા વર્ગો માટે મોટી જાહેરાતો કરી હતી. જેમાં સૌથી વધુ ચર્ચા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની થઈ હતી. સરકારે આ યોજના અંતર્ગત એક વર્ષમાં ખેડૂતોના બેંક ખાતામાં ૬ હજાર રૂપિયા જમા કરવાની જાહેરાત કરી હતી. આ યોજનાનો લાભ ૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો લઈ શકે છે. ત્યારે વિપક્ષે સરકારની આ યોજનાને રાજકીય સ્ટન્ટ ગણાવી હતી. વિપક્ષનો આરોપ હતો કે, સરકારે લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ જાહેરાત કરી છે. પીયૂષ ગોયલની બીજી મોટી જાહેરાત કરદાતાઓ માટે હતી. તેમણે ૫ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર કરવેરામાંથી મુક્તિની જાહેરાત કરી હતી. ગોયલે એમ પણ કહ્યું હતું કે, જો ૬.૫ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા લોકો આવકવેરાની કલમ ૮૦ઝ હેઠળ આવરી લેવામાં આવતા સાધનોમાં રોકાણ કરે, તો તેમને ટેક્સ ચૂકવવાનો રહેશે નહીં. સરકારે સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદા પણ વાર્ષિક ૪૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૫૦,૦૦૦ રૂપિયા કરી હતી. સરકારે ગ્રેચ્યુઈટી પેમેન્ટની લિમિટ પણ ૧૦ લાખથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરી દીધી હતી. વચગાળાનું બજેટ રજૂ કરતાં ગોયલે કહ્યું હતું કે, ઈક્મ ટેક્સ રિટર્ન અને રિફંડની પ્રોસેસ ૨૪ કલાકમાં કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, જન ધન યોજના હેઠળ ૩૪ લાખ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. સરકારે આગામી ૫ વર્ષમાં ૧ લાખ ડિજિટલ વિલેજ બનાવવાની જાહેરાત કરી હતી. ગોયલે કહ્યું હતું કે આગામી ૫ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા ૫ લાખ કરોડ ડોલર (૫ ટ્રિલિયન)ની થઈ જશે. આગામી ૮ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા ૧૦ ટ્રિલિયન ડોલરની થઈ જશે.

# ૨૦૪૭ સુધીમાં ગુજરાતનું ભારતના સ્પેશિયાલીટી કેમિકલ્સમાં ૪૦% યોગદાન આપવાનું લક્ષ્ય

અમદાવાદ તા.૨૯ વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ માટે, ગુજરાત સરકાર સતત અનેક પ્રતિનિધિમંડળની મુલાકાતો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોડ શોનું આયોજન કરી રહી છે. આ મુલાકાતો દ્વારા, પ્રતિનિધિમંડળો વન-ટુ-વન મિટીંગ, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને સેમિનાર મારફતે વિવિધ ક્ષેત્રોની ૧૦૦૦ થી વધુ કંપનીઓ સાથે જોડાઈ શક્યા છે.

ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળની આ મુલાકાતોએ રાજ્યની વિકાસ યાત્રા પ્રદર્શિત કરવાની, ભવિષ્યના વિકાસ માટેના રાજ્યના વિઝનને શેર કરવાની અને ગુજરાતની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા માટે તેમને આમંત્રિત કરવાની અનન્ય તક પૂરી પાડી છે. આ મુલાકાતોએ વિવિધ ક્ષેત્રોમાં સંભવિત સહયોગ અને રોકાણ માટે ગુજરાત સરકાર સાથે ચર્ચામાં જોડાવા અગ્રણી કંપનીઓના મેનેજમેન્ટ હેડને એક અનોખી તક પૂરી પાડી હતી.

ફચ્ચ્જી ૨૦૨૪ રોડ શો અને પ્રતિનિધિમંડળની મુલાકાતોમાંથી કેમિકલ સેક્ટર માટેની મુખ્ય વાતોઃ-

ગુજરાત હાલમાં રસાયણોના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૩૫% યોગદાન આપે છે, જે ગુજરાતને ભારતમાં રસાયણોના ઉત્પાદનમાં અગ્રેસર બનાવે છે. ગુજરાતમાંથી રસાયણોને યુએસએ, ચીન, બ્રાઝિલ, યુએઈ, જર્મની, ઈન્ડોનેશિયા, યુકે, નેધરલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને બેલ્જિયમ જેવા ટોચના નિકાસ સ્થળો સહિત ૧૬૮થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવે છે.

ઈનઓર્ગેનિક કેમિકલ્સ, ઓર્ગેનિક કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પ્લાસ્ટિક, રબર, માનવસર્જિત ફિલામેન્ટ, માનવસર્જિત ફાઈબર્સ વગેરે જેવા વિવિધ પેટા ક્ષેત્રોમાં ભારતમાંથી રાસાયણિક ઉત્પાદનો અને પેટ્રોકેમિકલની નિકાસમાં પણ રાજ્ય રાષ્ટ્રીય રસાયણોમાં ૪૧% યોગદાન સાથે પ્રથમ ક્રમે છે.

વિવિધ ઉદ્યોગોમાં સ્પેશિયાલિટી કેમિકલની વધતી માંગ સાથે, ગુજરાત આ તકનો લાભ લેવા અને સ્પેશિયાલિટી કેમિકલના હબ તરીકે સ્થાપિત થવા માટે તૈયાર છે. ગુજરાત આયાત અવેજીકરણ ઘટાડવા અને હાલના રાસાયણિક ઉત્પાદનમાં વેલ્યૂ એડિશન કરવા તેમજ સ્પેશિયાલિટી કેમિકલ બજારની માંગને પહોંચી વળવા માટે ભારતમાં અગ્રણી રાજ્ય બનવાનું પણ લક્ષ્ય ધરાવે છે. ગુજરાત હાલમાં ભારતના સ્પેશિયાલિટી કેમિકલ્સ મેન્યુફેક્ચરિંગમાં ૧૪% યોગદાન આપે છે અને ૨૦૪૭ સુધીમાં ૪૦% સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે. રાજ્યમાં સુવિકસિત કેમિકલ સેક્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુશળ વર્કફોર્સ તેમજ સરકારી સહયોગ, સ્પેશિયાલિટી કેમિકલ્સ સેગમેન્ટ્સ અને તેને સંલગ્ન ઉત્પાદનોમાં રોકાણ આકર્ષવામાં મદદ કરી શકે છે.

આ લક્ષ્ય હાંસલ કરવા માટે, આ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય રોડ શો દરમિયાન તેમજ પ્રતિનિધિમંડળની મુલાકાતો દરમિયાન, ગુજરાત સરકારે અગ્રણી વૈશ્વિક અને રાષ્ટ્રીય કેમિકલ ક્ષેત્રની કંપનીઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. આ ચર્ચાઓમાં જર્મની, ઈટાલી, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોની આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને મુંબઈ, નવી દિલ્હી, બેંગલુરુ, કોલકાતા, લખનઉ, ચંદીગઢ સ્થિત ભારતીય કંપનીઓએ ગુજરાતમાં રોકાણ માટે રસ દર્શાવ્યો છે. જેમાં કોટિંગ્સ, એડિટિવ મેન્યુફેક્ચરિંગ, ગ્રીન કેમિસ્ટ્રી, બાયોટેકનોલોજી, પેઈન્ટ્સ, કન્ઝ્યુમર કેર, સોડા એશ વગેરે જેવા વિવિધ પેટા ક્ષેત્રોની કંપનીઓનો સમાવેશ થાય છે.

અલ્ટાના ગ્રુપ અને કોવેસ્ટ્રો એજી જેવી અગ્રણી જર્મન કંપનીઓ સાથે ભારતમાં નવી મેન્યુફેક્ચરિંગ કેપેબિલીટીઝ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ભાગીદારી માત્ર આયાત અવેજીમાં જ મદદ નહીં કરે પરંતુ સાથે-સાથે ભારતને આવા ઉદ્યોગો માટે નિકાસ હબ બનાવવામાં પણ મદદ કરશે. આ મુલાકાતો દરમિયાન મળેલી કેટલીક કંપનીઓમાં અડેકા કોર્પોરેશન (જાપાન), મ્છજીહ્ર (જર્મની), ઝૈંસ ગ્રુપ (ઇટાલી), લોટ્ટે ફાઈન કેમિકલ (દક્ષિણ કોરિયા), સેમ્પ્યુટિક્સ (કર્ણાટક), બર્જર પેઈન્ટ્સ (પશ્ચિમ બંગાળ), આરએસપીએલ (ઉત્તર પ્રદેશ) વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ફોલો-અપ ડિસ્કશનમાં ૧૦થી વધુ કંપનીઓ સાથે મુલાકાત કરવામાં આવી જેથી આ રોકાણ પ્રક્રિયાઓને વહેલામાં વહેલી તકે આગળ લઈ જઈ શકાય. આ કંપનીઓ સાથેની ભાગીદારી અને સહયોગ ગુજરાતને સ્પેશિયાલિટી કેમિકલ્સ સેક્ટરમાં અગ્રણી રાજ્ય બનાવવા, અદ્યતન ઉત્પાદન તકનીકો લાવવા અને યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવામાં મદદ કરશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.

- શ્રીમદ્‌ ભગવદ ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૨, તા.૨૯ નવેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૫, મૃગશીર્ષ નક્ષત્ર, સાધ્ય યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭ઃ૧૬, સૂ.અ.૬ઃ૦૩

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ ખટપટમાં ન પડવું હિતાવહ. મનમાં અશાંતિ રહે.
વૃષભઃઅણધાર્યો લાભ મળે. કાર્યમાં સફળતા મળે.
મિથુનઃમનમાં મૂંઝવણ રહે. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્કઃ આર્થિક લાભના યોગ છે. ધીરજ અને ખંતથી કાર્ય કરવું.
સિંહઃ આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાણાંકીય પરિસ્થિતિ સુધરે.
કન્યાઃ માનસિક ચિંતા હળવી બને. ખર્ચ ઉપર કાબુ રાખવો.
તુલાઃ વેપાર-વાણિજ્યને લગતા કાર્યોમાં સફળતા મળે.
વૃશ્ચિકઃપ્રવાસ-પર્યટનમાં સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહ રહે.
ધનઃ ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય.
મકરઃ કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્વજનથી મિલન-મુલાકાત થાય.
કુંભઃ રચનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાય. સંતાનને લગતી સમસ્યા હળવી બને.
મીનઃ પ્રગત્તિ થતી અટકે, માનસિક ઉચ્ચાટ અનુભવાય.

# આગામી બે વર્ષમાં ગુજરાતને ઝેરમુક્ત ખેતી કરતું રાજ્ય બનાવવું છે, આ મિશન માટે બહેનો આગળ આવે

અમદાવાદ તા.૨૯ પ્રાકૃતિક કૃષિનું મિશન ત્યારે જ સફળ થશે જ્યારે મહિલાઓ તેમાં જોડાશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બહેનોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને સમગ્ર ગુજરાત પ્રદેશને પ્રાકૃતિક પ્રદેશ બનાવવા નેતૃત્વ લેવા નારીઓને અનુરોધ કર્યો હતો. રાજભવનમાં આયોજિત પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદમાં તેમણે કહ્યું કે, આગામી બે વર્ષમાં સમગ્ર ગુજરાતને ઝેરમુક્ત ખેતી કરતું રાજ્ય બનાવવું છે, આ મિશન માટે બહેનો આગળ આવે.

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ સંયોજક મંડળના સંયુક્ત ઉપક્રમે રાજભવનમાં મહર્ષિ દયાનંદ સભામંડપમાં પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ત્રીજા દિવસે આ પરિસંવાદમાં ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, આણંદ અને ખેડાની ખેતીવાડી અને પશુપાલન સાથે સંકળાયેલી બહેનોએ ભાગ લીધો હતો.

મહિલાઓને સંબોધતાં રાજ્યપાલશ્રીએ ધરતીને મા ની તુલના આપતાં કહ્યું કે, જેમ મા સન્માન-મર્યાદાપૂર્વક ઢંકાઈને રહે છે એમ ધરતી મા ને પણ સૂર્યના આકરા સીધા કિરણો ન સ્પર્શે તે માટે ઢાંકીને રાખવી જોઈએ. પ્રાકૃતિક કૃષિમાં આચ્છાદનનું વિશેષ મહત્વ છે. ધરતીનું તાપમાન ૩૦-૩૫ ડિગ્રી થાય તો તેનું ઓર્ગેનિક કાર્બન ઊડી જાય છે. રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી જમીન વેસાન થઈ ગઈ છે. જમીનમાં રહેતા અળસિયા અને મિત્ર કીટક પણ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધુંધ ઉપયોગથી નષ્ટ થયા છે. તેમણે કહ્યું કે ધરતીની ફળદ્રુપતા પાછી લાવવા પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. ગોબર ગૌમૂત્રથી થતી પ્રાકૃતિક ખેતીથી મિત્રજીવોની સંખ્યા વધે છે પરિણામે ધરતીની ફળદ્રુપતા પાછી આવે છે અને ખેત ઉત્પાદન વધે છે

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ધરતીમાં યુરિયા-ડીએપી નહીં નાખીએ તો ઉત્પાદન ઓછું થઈ જશે, તેવો ભય બિલકુલ યોગ્ય નથી. પ્રાકૃતિક ખેતી પૂરી પ્રમાણિકતાથી, પદ્ધતિસર કરવામાં આવે તો પહેલા જ વર્ષે રાસાયણિક ખાતરના ઉપયોગથી થતું એટલું જ ઉત્પાદન મળશે અને પછીના વર્ષોમાં તો રાસાયણિક ખાતર કરતાં પણ વધુ અને વધુ સારી ગુણવત્તાવાળું ઉત્પાદન મળશે.

# મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ ૪૪ બિલિયન ડોલર પાર કર્યા : કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૨૯ દેશના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે બેંગલુરુ નજીક હોસુરમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯.૨ ટકા મોબાઈલ ફોન આપણા દેશમાં જ બને છે. દેશના મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ $44 બિલિયનનો આંકડો પાર કરી ગયો છે હોવાની કેન્દ્રીય મંત્રીએ વાત કરી હતી. આ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની સફળતા છે. સેમિકન્ડક્ટર પ્રોગ્રામમાં પણ ઘણી પ્રગતિ થઈ છે, ખૂબ જ ટૂંક ભારત આ ક્ષેત્રમાં આગળ વધશે.. પત્રકાર પરિષદમાં તેમણે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિ વિશે માહિતી આપી હતી. આ દરમિયાન તેમણે વિપક્ષી નેતાઓ પર પણ જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કટાક્ષ કર્યો કે કેટલાક વિપક્ષી નેતાઓ હજુ પણ એ ભ્રમમાં છે કે દેશમાં ઉપયોગમાં લેવાતા મોબાઈલ ફોન આજે પણ આયાત કરવામાં આવી રહ્યા છે. ત્યારે સત્ય એ છે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯.૨ ટકા મોબાઈલ મોબાઈલ ફોન દેશમાં જ બને છે.. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશના મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ $44 બિલિયન ડોલર પાર કરી ગયુ છે. આ ઉપરાંત વેલ્યુ ચેઈન પણ વધી રહી છે. ભારતે ૨૦૨૫-૨૬ સુધીમાં $300 બિલિયનના મૂલ્યના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોના ઉત્પાદનનું મહત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું છે. અત્યારે દેશમાં અનેક મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ચાલી રહ્યા છે. સાધનસામગ્રીના ઉત્પાદકોને પ્રોત્સાહિન આપવા માટે, પ્રોડક્શન લિંક્ડ એલાઉન્સ (PLI) યોજનાઓ દ્વારા ઉદાર પ્રોત્સાહનો આપવામાં આવે છે. ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દેશની ઉત્પાદન ક્ષમતા ચીનને પાછળ છોડી રહી છે..

# નળ સરોવરમાં શિયાળામાં ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાનના લાખો પક્ષીઓ આવે છે

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક અંદાજે ૭૦ કિલોમીટરના અંતરે આવેલું છે નળ સરોવર. નળ સરોવર એક પક્ષી અભયારણ્ય છે, જે ૧૨૦.૮૨ ચોરસ કિલોમીટરના વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલું છે. જે ૪ થી ૫ ફૂટ ઉંડા છીછરા પાણીથી ભરેલું છે. નળ સરોવરમાં એક શાંત માર્શલેન્ડ છે જેમાં ૩૬ નાના ટાપુઓ આવેલાં છે. નળ સરોવરને ગુજરાતનું સૌથી મોટું પક્ષી અભયારણ્ય પણ કહેવામાં આવે છે. ૩૦૦ થી વધુ પ્રકારના પક્ષીઓ મુખ્યત્વે આ તળાવમાં વસે છે અને ત્યાંથી સાઈબેરીયા આવે છે. ગુજરાતનું એક એવું સ્થળ જ્યાં ઈરાન, ઈરાક અને અફઘાનિસ્તાનમાંથી ૩૦૦થી વધુ પ્રજાતિના લાખો દુર્લભ પક્ષીઓ દર વર્ષે શિયાળામાં બને છે મહેમાન. પક્ષી પ્રેમીઓ માટે નળ સરોવર સુંદર છે. નળ સરોવરમાં તમને ગુલાબી પેલિકન, મોટા ફ્લેમિંગો, કેક્સ, બ્રાહ્મણ બતક, જાંબુડિયા મૌરહેન, હર્ન્સ, સફેદ સ્ટોર્ક, વિવિધ જાતના કડવા, ગ્રીબ જોવા મળશે. આ અલગ અલગ અંદાજે ૩૦૦થી વધુ પ્રજાતિના લાખો પક્ષીઓ અહીં શિયાળામાં જોવા મળે છે. શિયાળા દરમ્યાન આ સ્થળની મજા માણવા મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડતા હોય છે. કારણકે, આ સમયગાળા દરમ્યાન મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓ પણ અહીં વિસામો લેવા આવતા હોય છે. છેક ઈરાન અને અફઘાનિસ્તાનને વિંધિને પક્ષીઓ અહીં સુધી આવે છે. આ સરોવર પક્ષીવિદો અને અભ્યાસીઓ માટે અતિ રોમાંચક છે. અનેક જાતના પક્ષીઓને એકસાથે જોવા હોય તો તમારે એકવાર નળ સરોવર આવવું જ પડશે. જોકે, તમે આ સુંદર સ્થળની મુલાકાત લેવા માંગતા હોવ તો તમારે વહેલી સવારે જ અહીં આવવું જોઈએ. પક્ષીઓને જોવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવાર અને સમી સાંજનો છે. અહીં નૌકાવિહાર કરીને તમે નાના-મોટા ટાપુઓનું નિરીક્ષણ કરી શકો છો. ચોમાસાની સિઝનમાં પણ તમે આ રમણીય સ્થળની મજા માણી શકો છો. ચોમાસા દરમ્યાન સરોવરનું પાણી એકદમ સ્વચ્છ થઈ જાય છે. બોટ રાઈડમાં પ્રારંભ બિંદુથી ધ્રાબલા આઈલેન્ડ સુધીની સફર અને ત્યાંથી પરત લાવવામાં આવે છે. અહીંના વોચ ટાવર પરથી તમે આખાય નળસરોવરનો એરિયલ વ્યૂ માણી શકો છો. અહીં નાના-નાની ઝૂંપડીઓમાં તમે બાજરીનો રોટલો, દેશી સબજી સાથે કાઢિયાવાડી થાળીની મજા પણ માણી શકો છો. ફોટોગ્રાફીના શોખીનો માટે પણ આ સ્થળ બેસ્ટ છે. સાણંદથી ૩૬ કિલો મીટર દૂર અને નળ સરોવરથી જતા રસ્તા ઉપર બર્ડ સેન્ચુરી પહોંચતાના ૫ કિલો મીટર પહેલાં જ રસ્તામાં "ઉજાણી ઘર" આવે છે. તમે નળ સરોવર આવ્યાં હોવ તો આ સ્થળ ઉપર તમને બાજરીનો રોટલો, બેંગન ભરથાં, મેથી, ભરેલાં મરચાં, માખણ, કઢી, ખીચડી, કચુમ્બર અને છાશની અનલિમિટેડ ડીશની મજા માણી શકો છો. અહીં શુદ્ધ, સાત્વિક ઓછા તેલમાં અને ચૂલા ઉપર માટીના વાણસોમાં બનેલું ભોજન કરવાનો લાહવો મળશે. બીજી ખાસ વાત એ છે કે, અહીં જે જોઈએ તે વસ્તુ તમારે જાતે જ લઈ લેવાની હોય છે અને તમામ ભોજન પાણીના વાસણમાં જ પીરસાય છે.



# ગૃહ મંત્રાલય દ્વારા લેહ અને કારગીલના નાગરિક સમાજના નેતાઓને વાટાઘાટો માટે આમંત્રણ અપાયું



(એજન્સી) તા.૨૯

ગૃહ મંત્રાલય (MHA)એ ૪ ડિસેમ્બરે લેહ અને કારગીલના નાગરિક સમાજના નેતાઓને ચર્ચા કરવા આમંત્રણ આપ્યું છે. લદ્દાખમાં રાજ્યનો દરજ્જો આપવા તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ માટે બંધારણીય સુરક્ષા પ્રદાન કરવાની માંગણીઓ માટે અહી વારંવાર વિરોધ પ્રદર્શનો કરવામાં આવે છે. અગાઉ લદ્દાખના લોકો માટે જમીન અને રોજગારનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયની અધ્યક્ષતામાં એક ઉચ્ચ-સત્તાવાળી સમિતિની રચના કરવામાં આવી હતી, જેને લેહ અને કારગીલ બંનેના નેતાઓ દ્વારા નકારી કાઢવામાં આવી હતી. આ વખતે, લેહ એપેક્સ બોડી (LAB) અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA) એ કેન્દ્ર સમક્ષ તેમની માંગણીઓ રજૂ કરવા માટે પોતપોતાના પ્રદેશોમાંથી દરેક સાત સભ્યોની પસંદગી કરી છે. ૨૦૨૦માં ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપનાર એલએબીના સભ્યો પૈકી એક ચેરીંગડોર્જેલેકરૂકે જણાવ્યું હતું કે તેઓ મીટિંગમાં તેમની ચાર માંગણીઓ મૂકશે. લદ્દાખને રાજ્યનો દરજ્જો, બંધારણની છઠ્ઠી સૂચિમાં લદ્દાખનો સમાવેશ, સ્થાનિકો માટે નોકરીઓમાં આરક્ષણ અને લેહ અને કારગિલ માટે એક-એક સંસદીય બેઠકની તેમની માંગણીઓ છે. શ્રી લેકરૂકે કહ્યું કે, અગાઉ સમિતિના સભ્યોની સરકાર દ્વારા પસંદગી કરવામાં આવતી હતી. તે અમને સ્વીકાર્ય ન હતું. ૪ ડિસેમ્બરની બેઠકનો એજન્ડા સ્પષ્ટ છે, અમે અમારી ચાર માંગણીઓ છોડીશું નહીં. જો તેઓ સંમત ન થાય, તો મડાગાંઠ થઈ શકે છે. KDAના સજ્જાદ કારગીલીએ જણાવ્યું હતું કે MHA સાથે છેલ્લી મીટિંગ જૂનમાં થઈ હતી અને આગામી મીટિંગ માટે લેહ અને કારગીલના ચીફ એક્ઝિક્યુટિવ કાઉન્સિલર પણ હાજર રહેશે. તેમણે કહ્યું કે હજુ સુધી તેમની સાથે કોઈ એજન્ડા શેર કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યું કે, અમે સ્વાગત કરીએ છીએ અને સંવાદ માટે તૈયાર છીએ. ૪થી ડિસેમ્બરે, લદ્દાખના લોકો ચાર નિર્ણાયક માંગણીઓ પુનરાવર્તિત કરશે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ, પૂર્વ જમ્મુ અને કાશ્મીર રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું - J&K અને લદ્દાખ - તેના વિશેષ દરજ્જાને દૂર કર્યા પછી ઘણા રાજકીય જૂથો માંગ કરી રહ્યા છે કે જમીન, રોજગાર અને લદ્દાખની સાંસ્કૃતિક ઓળખને છઠ્ઠી અનુસૂચિ હેઠળ સુરક્ષિત કરવી જોઈએ, જે બંધારણનો એક લેખ છે જે સ્વાયત્ત વિકાસ પરિષદોની રચના દ્વારા આદિવાસી વસ્તીનું રક્ષણ કરે છે અને જમીન, જાહેર આરોગ્ય, કૃષિ અંગેના કાયદાઓ ઘડવા માટે સ્વતંત્ર છે. અત્યારે આસામ, મેઘાલય, અને મિઝોરમના આદિવાસી વિસ્તારમાં દસ સ્વાયત્ત પરિષદો અસ્તિત્વમાં છે. ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિએ ૨૦૨૨માં રાજ્યસભા સમક્ષ એક અહેવાલ રજૂ કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, લદ્દાખમાં આદિવાસી વસ્તી ૨,૧૮,૩૫૫ છે જે ૨,૭૪,૨૮૯ની કુલ વસ્તીના ૭૯.૬૧% છે.

## ગુજરાત ટાઈટન્સ સાથે જ રહેશે હાર્દિક પંડ્યા

નવી દિલ્હી, તા.૨૯

આઈપીએલ-૨૦૨૪ની હરાજી પહેલા ખેલ જગતમાં જે સૌથી મોટી ચર્ચા ચાલી રહી હતી તેનો આજે અંત આવી ગયો છે. ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને રિટેન કરી લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી કે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સમાં સામેલ થઈ શકે છે, પરંતુ ગુજરાત ટાઈટન્સ દ્વારા જાહેર કરવામાં આવેલા લિસ્ટમાં હાર્દિક પંડ્યા સામેલ છે. એટલે કે આગામી સીઝનમાં પણ હાર્દિક પંડ્યા ગુજરાત ટાઈટન્સની કમાન સંભાળી શકે છે. આઈપીએલ ૨૦૨૪ માટે આગામી ૧૯ ડિસેમ્બરે હરાજી થવાની છે. આ પહેલા રિટેન અને રિલીઝ ખેલાડીઓનું લિસ્ટ જાહેર કરવા માટે ગઈકાલે છેલ્લો દિવસ હતો. ગુજરાત ટાઈટન્સના લિસ્ટ પ્રમાણે હાર્દિક પંડ્યાને રિલીઝ કરવામાં આવ્યો નથી.

### મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા જાપાન

# ગુજરાતમાં રોકાણ કરવા માટે જાપાન સરકારને આમંત્રણ

**ગુજરાતના હાઈ લેવલ ડેલિગેશને જાપાનના પ્રવાસનો પ્રારંભ યામાનાશી ગવર્નર કોટારો નાગાસાકી સાથે બેઠક યોજીને કયો**



ટોક્યો, તા.૨૯

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ડેલીગેશને યામાનાશી હાઈડ્રોજન કંપનીના ગ્રીન હાઈડ્રોજનના સપ્લાય, વેચાણ, તેની સર્વિસનો ડેમો જોયો હતો. તમને જણાવી દઈએ કે આ કંપની આગામી વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી થવા માટે આતૂર છે. સાથે જ ડેલીગેશને પ્લાન્ટનું નિરીક્ષણ કર્યુ અને તેની વિશેષતાઓ પણ જાણી હતી. યામાનાશી ગવર્નરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ડેલીગેશનનું સ્વાગત કરતા આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધો વધુ સુદૃઢ બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સાથે જ જાપાન ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં જે નવીન પ્રયોગો અપનાવી રહ્યું છે, તેનું પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન, નેશનલ ઈલેક્ટ્રીક મોબિલિટી મિશન પ્લાન, ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ઈમિશનના લક્ષ્યાંક જેવી જે પહેલો થઈ છે તેની વિગતો આપી હતી. ખાસ કરીને ૨૦૩૦ સુધીમાં દેશમાં રીન્યુએબલ એનર્જી સોર્સમાંથી ૫૦૦ ગીગા વોટ ઈન્સ્ટોલ્ડ કેપેસિટીના વડાપ્રધાનના નિર્ધારમાં પણ ગુજરાત અગ્રીમ યોગદાન આપે તેવા રાજ્ય સરકારના ઈનિશિયેટિવ્ઝ મુખ્યમંત્રીએ વર્ણવ્યા હતા. ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી પોર્ટફોલીયો ૧૦૦ ગીગાવોટ સુધી લઈ જવાના લક્ષ્યાંક અને ગુજરાત ન્યૂ રીન્યુએબલ પોલિસીની માહિતી પણ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે આપી હતી. મુખ્યમંત્રીએ રીન્યુબલ એનર્જી સેક્ટર તથા ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં જાપાન ગુજરાતના સંબંધોને નવી તકો આપવા નવા રોકાણો માટે વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪માં જોડાવા પણ યામાનાશી ગવર્નરને આમંત્રણ આપ્યું હતું.

## PMની સુરક્ષામાં ચૂક મામલે પંજાબના ૭ પોલીસ અધિકારીઓ બરતરફ

ચંદીગઢ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ફિરોઝપુર જિલ્લાની મુલાકાત દરમ્યાન સુરક્ષામાં ખામી માટે ભટિંડાના પોલીસ અધિક્ષક (SP) ગુરબિન્દરસિંહ સહિત અન્ય છ પોલીસ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. નિવૃત્ત ન્યાયાધીશ ઈન્દુ મલ્હોત્રાની આગેવાની હેઠળની સમિતિએ તેનો અહેવાલ રજૂ કર્યા પછી સસ્પેન્શનના આદેશો આવ્યા હતા. ગુરબિન્દરસિંહ ઉપરાંત અન્ય છ અધિકારીઓમાં નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) રેન્કના અધિકારીઓ પરસનસિંહ અને જગદીશ કુમાર, ઈન્સ્પેક્ટર જતિન્દરસિંહ અને બલવિંદરસિંહ, સબ-ઈન્સ્પેક્ટર જસવંતસિંહ અને આસિસ્ટન્ટ સબઈન્સ્પેક્ટર રમેશકુમારનો સમાવેશ થાય છે. પોલીસ મહાનિર્દેશક દ્વારા ૨૧ નવેમ્બરના રોજ સસ્પેન્શનનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ અધિકારીઓ ઉપર ૧૯૭૦માં પંજાબ સિવિલ સર્વિસીસ (સજા અને અપીલ) નિયમોની કલમ ૮ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો જે ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી અને આવી હાઈ-પ્રોફાઈલ મુલાકાતો દરમિયાન અપેક્ષિત સુરક્ષાના ઉચ્ચ ધોરણો જાળવવામાં નિષ્ફળતા દર્શાવે છે. ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક રેલીમાં હાજરી આપવા માટે ફિરોઝપુર જઈ રહ્યા હતા ત્યારે કિસાન મઝદૂર સંઘર્ષ સમિતિ (KMSC)ના વિરોધ કરી રહેલા ખેડૂતોએ વડાપ્રધાનને કાર્યક્રમ છોડવાની ફરજ પાડતા રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. એરપોર્ટ જતા પહેલા પીએમનો કાફલો ૨૦ મિનિટ સુધી નેશનલ હાઈવે ઉપર અટવાઈ ગયો હતો. જો કે, બાદમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, મુલાકાત રદ કરવામાં આવી હતી.

# ચીનમાં ન્યૂમોનિયાનો રાફડો ફાટ્યો : કેન્દ્રની સ્થિતિ ઉપર નજર, સ્વાસ્થ્ય સેવાઓ સંબંધિત તૈયારીઓનું આકલન કરવા રાજ્યોને નિર્દેશ

**કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોના જેવી માર્ગદર્શિકાનું પાલન કરવાની સલાહ આપી છે. જો કે, તેણે એમ પણ કહ્યું કે ગભરાવાની જરૂર નથી, ફક્ત નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે**




નવી દિલ્હી, તા.૨૯

કોરોના પછી ચીનમાં ફરી એક રહસ્યમય બીમારીએ ભયનો માહોલ સર્જ્યો છે. આ અંગે WHOએ પણ ચેતવણી જાહેર કરી છે. આ રોગ મોટે ભાગે બાળકોને જ ટાર્ગેટ કરે છે. ચીનમાં સ્થિતિ એવી છે કે સરકારે ઘણી શાળાઓને બંધ કરવાનો આદેશ આપ્યો છે. ભારતમાં પણ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોના જેવી માર્ગદર્શિકાનું પાલન કરવાની સલાહ આપી છે. જો કે, તેણે એમ પણ કહ્યું કે ગભરાવાની જરૂર નથી, ફક્ત નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. સરકારે એમ પણ કહ્યું છે કે, દેશમાં અત્યારે કોઈ પણ જાતનું એલર્ટ જાહેર કરવું પડે તેવી પરિસ્થિતિ પણ આવી નથી. ભારતીય સ્વાસ્થ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ચીનમાં ફેલાતા નવા શ્વસન રોગના ખતરાને ધ્યાનમાં રાખીને અમે દેશના તમામ રાજ્યોમાં આરોગ્ય વ્યવસ્થા ઉપર નજીકથી નજર રાખી રહ્યા છીએ. જોકે, સરકારે આ મામલે કોઈપણ પ્રકારની ચેતવણી જાહેર કરવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે હાલ દેશમાં એટલી ખરાબ સ્થિતિ સર્જાઈ નથી. એવું કહેવામાં આવ્યું છે કે ગભરાવાની જરૂર નથી, પરંતુ કોવિડ -૧૯ની જેમ આરોગ્ય સંબંધિત નિયમોનું પાલન અનિવાર્ય છે. આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલનિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોની હોસ્પિટલોને તૈયારી માટેના પગલાંની સલાહ આપવામાં આવી છે. તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોએ કોરોના સમયગાળા અનુસાર માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ. માહિતી અનુસાર જે બાળકો આ રોગથી પીડાઈ રહ્યા છે તેમને શ્વાસ લેવામાં તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ડબ્લ્યુએચઓએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગના ચીનના અધિકારીઓએ ૧૨ નવેમ્બરે એક પત્રકાર પરિષદ સંબોધી હતી અને ચીનમાં શ્વાસ સંબંધિત આ રોગ વિશે માહિતી આપી હતી. આ રહસ્યમય રોગથી બીમાર બાળકોમાં કોઈ ચોક્કસ લક્ષણ તો નથી પરંતુ બાળકોના શરીરનું તાપમાન વધી જાય છે અને ફેફસાંમાં ગાંઠ બની જાય છે. હોસ્પિટલમાં ફરી બેડ ખૂટી પડવાની સ્થિતિ સર્જાઈ રહી છે. દર્દીઓએ સારવાર માટે ૨-૨ કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પડી રહ્યું છે.

## કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યોને બાળકો અને કિશોરોમાં ILI અને SARIના કેસ ઉપર નજર રાખવા નિર્દેશ આપ્યો

(એજન્સી) તા.૨૯

ચીનમાં બાળકોમાં શ્વાસ સંબંધી રોગોના વધારા વચ્ચે કેન્દ્ર સરકારે આવા રોગોનો સામનો કરવા માટેની તૈયારીઓની સમીક્ષા કરવાનું શરૂ કર્યું છે. આ અંગે કેન્દ્રએ કહ્યું કે તે સ્થિતિ ઉપર નજીકથી નજર રાખી રહ્યું છે. કેન્દ્રએ એ પણ ભારપૂર્વક જણાવ્યું કે ગભરાવાની જરૂર નથી. આરોગ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જાહેર આરોગ્ય અને હોસ્પિટલ સજ્જતાના પગલાંનું તાત્કાલિક મૂલ્યાંકન કરવા જણાવ્યું છે. તેના નિર્દેશોમાં, આરોગ્ય મંત્રાલયે હોસ્પિટલોમાં માનવ સંસાધન, હોસ્પિટલમાં બેડ, આવશ્યક દવાઓ, તબીબી ઓક્સિજન, એન્ટિબાયોટિક્સ, વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો અને પરીક્ષણ કીટની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા ઉપર ભાર મૂક્યો છે.આરોગ્ય પ્રધાને નિર્દેશમાં જણાવ્યું હતું કે આરોગ્ય સુવિધાઓએ તેમના ઓક્સિજન પ્લાન્ટ અને વેન્ટિલેટરની યોગ્ય કામગીરીની ખાતરી કરવી જોઈએ અને ચેપના ફેલાવાને રોકવા માટે ચેપ નિયંત્રણ પ્રોટોકોલની સમીક્ષા કરવી જોઈએ. આરોગ્ય મંત્રાલયે "COVID-19ના સંદર્ભમાં સુધારેલી સર્વેલન્સ વ્યૂહરચના માટે ઓપરેશનલ માર્ગદર્શિકા"ની સલાહ આપી છે. આ વર્ષની શરૂઆતમાં જારી કરાયેલ આ માર્ગદર્શિકા, ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બિમારી (influenza-like illness-ILI) અને ગંભીર તીવ્ર શ્વસન બિમારી (SARI- severe acute respiratory illness) સહિત શ્વસન રોગોના સંકલિત દેખરેખ માટે એક માળખું નક્કી કરે છે. તેણે સંકલિત રોગ સર્વેલન્સ પ્રોગ્રામના જિલ્લા અને રાજ્ય સર્વેલન્સ એકમો દ્વારા ખાસ કરીને બાળકો અને કિશોરોમાં ILI-SARI વલણો પર દેખરેખ રાખવા ઉપર પણ ભાર મૂક્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે અસરકારક દેખરેખ અને પ્રતિભાવ માટે મેડિકલ કોલેજ હોસ્પિટલો સહિત જાહેર આરોગ્ય સંસ્થાઓમાંથી ILI-SARI ડેટાને IDSP પોર્ટલ ઉપર સમયસર અપલોડ કરવો જરૂરી છે.

# પરીક્રમા દરમ્યાન દિપડાના હુંમલાથી મૃત્યુ પામેલ કોળી સમાજની દિકરી અને પરીવારને ન્યાય આપવા માંગ



જૂનાગઢ તા.૨૯

તાજેતરમાં ગીરનારની લીલી પરિક્રમા દરમ્યાન કોળી સમાજની બાળકીનું દિપડાના હુમલાથી મૃત્યુ થયું હતું તેમને ન્યાય અને વળતર અપાવવા માટે આ તા.૨૬/૧૧/૨૦૨૩ના રોજ સેજના ઓટા પાસે જૂનાગઢ કોળી સમાજના આગેવાનોની બેઠક મળી હતી અને નક્કી કરવામાં આવ્યું હતું કે જો સ્વ.પાયલ અને પિડિત પરિવારને સરકાર દ્વારા ટુક સમયમાં ન્યાય અને વળતર નહીં આપવામાં આવે તો આગામી સમયમાં ગામે ગામ આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવશે અને જરૂર પડ્યે આંદોલન પણ કરવામાં આવશે કારણ કે આ ઘટના અતિ ગંભીર છે અને લોકોને આ ઘટનાની જાણ થતાં યાત્રાળુઓ ભયભીત થયા છે જૂનાગઢ ખાતે દર વર્ષે યોજાતી લીલી પરિક્રમામાં લાખો શ્રધ્ધાળુઓ આવતા હોય છે અને તેમના જાન માલ અને સુરક્ષાની જવાબદારી સરકારના સ્થાનિક પ્રસાસન, વનવિભાગ, પોલીસ ખાતાની હોય છે અને જો ભવિષ્યમાં પણ આવી ઘટનાઓ બનશે તો પાંરપરિક લીલી પરિક્રમામાં આવતા ભાવિકો ડરશે અને આયોજન ઉપર પણ અનેક સવાલો ઉભા થશે તો ભવિષ્યમાં આવા ગંભીર બનાવો ન બને તેમાટે સરકાર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી જૂનાગઢ કોળી સમાજની માંગ છે. આ બેઠકમાં જૂનાગઢ કોળી સમાજના મુખ્ય આગેવાનો જેઠાભાઈ જોરા, બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાર, મનદીપભાઈ મકવાણા, કે.ડી.સગારકા, જીતેન્દ્ર રાનેરા, હરેશભાઈ ડાભીએ હાજરી આપી હતી. તેમ એક યાદીમાં જણાવેલ છે.

## UNM ફાઉન્ડેશન આયોજિત અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫ મી આવૃત્તિ પ્રસંગે

# 'ડ્રીમ હેપી ડ્રીમ' નાટક દ્વારા સુખની શોધ વચ્ચે સાચી યાદો અને ભવિષ્યની ઝલક રજૂ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

અભિવ્યક્તિ – ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિ થકી ટોરેન્ટ ગ્રૂપનું UNM ફાઉન્ડેશન અમદાવાદના કલાપ્રેમીઓ માટે આકાશમાં ચમકતા તારાઓ જેવા પ્રતિભાશાળી કલાકારોને આપણા ઘરઆંગણે એક મંચ ઉપર લઈ આવી છે. મંગળવાર સાંજે કલારસિકોએ કબીરના જીવન દર્શન સાથે વણાયેલ આકર્ષક લોકસંગીતનો આનંદ માણ્યો, સાથે જ વિજ્ઞાન કથાઓ, નાટક અને સંગીતના રસથાળે તેમને મંત્રમુગ્ધ કરી દીધા. ઉંમર, સંસ્કૃતિ વગેરે બાબતોથી ઉપર ઉઠીને અભિવ્યક્તિમાં મુલાકાતીઓની મોટી સંખ્યામાં હાજરી લોકોમાં કલાના વિવિધ સ્વરૂપો પ્રત્યે વધતી જતી રુચિની સાબિતી છે મુલાકાતીઓએ સ્થળ ઉપર મુકવામાં આવેલ વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશનને નિહાળવામાં વ્યાપક રસ દાખવી રહ્યા છે.

કલા અને હસ્તકલાના વિવિધ પ્રકલ્પ લોકોની કલ્પના શક્તિને વિસ્તારી રહ્યા છે. કલાકાર જોડી રવિ મારુ અને રાજન પંચાલ (રવિ-રંજન)એ કબીર તત્વની થીમ ઉપર સંગીતમય સૂફી ફ્યુઝન પરફોર્મન્સ રજુ કરી મંચ ઉપર રિતસરનો કબ્જો જમાવી લીધો હતો. કબીરના શાશ્વત અને અમર જીવનલક્ષી ઉપદેશોએ ઉંમર અને જાતિથી ઉપર ઉઠીને દર્શકોની બહોળી પ્રશંસા મેળવી હતી.

આ જોડીએ ૧૫મી સદીના મહાન દાર્શનિક કવિના જીવન દર્શનને લોક સંગીતના દ્રષ્ટિકોણ સાથે રજુ કરીને વ્યક્તિઓ વચ્ચેના પ્રતિકાત્મક સંવાદોમાં ઈતિહાસ અને સાહિત્ય સાથે વણી લીધા. તેઓ પોતાની રજુઆત થકી દર્શકોને ગુજરાતી અને બંગાળી સાહિત્યની એક ગહન યાત્રા કરાવી, અંતે વર્તમાન સમયમાં તેની પ્રાસંગિકતા અને કબીરના જીવન ઉપદેશો સાથે જોડી હતી. હિન્દુસ્તાની સંગીતમાં પ્રખ્યાત ચહેરો, કવિશ શેઠે તેમના આકર્ષક પ્રદર્શન સ્વવિધાનમાં ગીતો, કવિતા અને રસમનું મિશ્રણ રજૂ કર્યું. તેમણે અસ્તિત્વની જટિલતાઓનું પ્રદર્શન કર્યું, જેને તેમણે વ્યક્તિગત બંધારણ તરીકે ઓળખાવ્યું. તેમના સંગીતમય વર્ણન દ્વારા તેમણે દર્શાવ્યું હતું કે જીવનના સંજોગો હંમેશા આપણા નિયંત્રણમાં ન હોઈ શકે પરંતુ તેમણે છટાદાર રીતે જીવવાની લાગણીનો સંચાર કર્યો. તે ઈનોવેટિવ ઈન્સ્ટ્રૂમેન્ટ 'નૂરી'ના શોધક છે અને તેણે સમગ્ર ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે પરફોર્મ કર્યું છે અને સ્વતંત્ર કલાકારો માટે સહયોગી પ્લેટફોર્મ ઝુબાન પાછળનું પ્રેરક બળ છે.

## જૂનાગઢ જીલ્લામાં આઈવીએફ પ્રક્રિયાથી

# ગીર ગાયના સંવર્ધન માટે માણાવદરની અનસુયા ગૌધામ ખાતે પ્રથમ પ્રોજેકટ હાથ ધરાયો





માણાવદર તા. ૨૯

ગીર ગાયમાં સંવર્ધન માટે અમુક લુપ્ત થઈ રહેલી નસલને જાળવી રાખવાના હેતુથી ભારત સરકારની નેશનલ એડવાઈઝરી કમીટીના મેમ્બર ડો.શ્યામ ઝાવરની ટીમ દ્વારા ભ્રુણ પ્રત્યારોપણનો કાર્યક્રમ શરૂ કરાયો છે. ડો.શ્યામ ઝાવરે ૧૯૮૯માં પશુ આઈવીએફ ઉપર પીએચડી કર્યુ છે. ગુજરાતમાં અમરેલી ખાતે દેશની પ્રથમ આઈવીએફ લેબ્સ વાનનું ઉદ્ઘાટન પૂ.મોરારીબાપુના હસ્તે તા.૩૧-૧૨-૨૨ ના રોજ કરાયું હતું. સામાન્ય સંજોગોમાં એક ગાય તેના જીવનકાળ દરમ્યાન કુદરતી રીતે ૧૨ થી ૧૮ વખત ગર્ભવતી થાય અને બચ્ચાને જન્મ આપી શકે છે. જયારે આ ટેકનોલોજીના માધ્યમથી એક ઉત્તમ નસલની ગાયમાંથી ૧૦૦થી ૧૨૫ જેટલી તેના જેવી ઉત્તમ નસલની ગાયો ઉત્પન્ન કરી શકાય છે. જે ગાય ગર્ભ ધારણ માટે સક્ષમ ન હોય અને ઉમર વટાવી ચુકી હોય તો પણ તેની નસલ ખુબ ઉંચી હોય અને તેના દુધ ઉત્પાદનનો રેકોર્ડ ખુબ સારો હોય તેવી ગાયોના ગર્ભાશયમાંથી અંડકોષ કાઢી તેને ઉમદા નસલના નંદીના બીજથી ફલિત કરીને તેનો ગર્ભ અન્યુ યુવાન ગાયની કુખમાં પ્રત્યારોપણ કરીને ઉછેરવામાં આવે છે. આમ કરવાથી પેદા થનારી નવી ગાયની પેઢી વધુ દુધ ઉત્પાદન અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારા સાથે આવશે. રસ્તે રઝળતી ગાયો ઓછું દુધ આપતી હોય છે અને તેના કારણે તેને રસ્તા પર તરછોડી દેવામાં આવતી હોય છે. જો ગાય વધારે દુધ આપે તો તે એક આવકનું માધ્યમ બને અને તેનો માલિક તેની સારી સંભાળ રાખે છે.

આ ભ્રુણ પ્રત્યારોપણની પ્રક્રિયા હાલ ખુબ મોંઘી છે પણ અનસુયા ગૌ ધામ ચેરીટેબલ ટ્રસ્ટના મેઘનાબેન શેઠ, હિરેનભાઈ શેઠ, વિજયભાઈ શેઠ તથા ટ્રસ્ટીઓ દ્વારા દેશના કિંમતી પશુધનની પ્રાચીન સમયથી વહેલી નસલ આવનારા દિવસોમાં જળવાય રહે તે માટ સ્વખર્ચે આ પ્રોજેકટ હાથ ધરાયો છે. મેઘનાબેન શેઠએ જણાવ્યું હતું કે અમારા ટ્રસ્ટનો ઉદેશ્ય દેશના પશુધન આવનારા સમયમાં જળવાય અને લોકોને વધુમાં વધુ ગાયના ઘી, દુધ સહિત ઉપયોગી કરી દેશ અને દુનિયામાં તંદુરસ્તી જાળવી રાખે અને આવનારી પેઢી પણ તંદુરસ્ત રહે, તમામ દુધમાં ગાયનું દુધ શ્રેષ્ઠ કહયું છે. જો ગાયો હશે તો તેનું દુધ મળશે. અન્યથા લુપ્ત થઈ જશે તો મોટી નુકશાની દેશ અને દુનિયાને થશે. દેશના પશુધનનો બચાવવા અમારી નેમ છે. અનસુયા ગૌ ધામ ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલક હરેશભાઈ શેઠએ જણાવ્યું હતું કે, ગાય એ દેશનું સાચું ઘરેણું છે તેનું સંવર્ધન થાય અને અન્ય દેશી નસલસના ગૌવંશનો સુધારો થાય તે માટે ભારત સરકારના સહયોગથી આ કામ કરેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# લાડી લોહાણા સિંધી પંચાયત જૂનાગઢ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

જૂનાગઢ તા. ૨૯

લાડી લોહાણા સિંધી પંચાયત જૂનાગઢ દ્વારા વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આગામી તા.૩-૧૨-૨૩ ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાક દરમ્યાન રેડક્રોસ હોલ, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના અતિથી વિશેષ પદે મહાસાગર ટ્રાવેલ્સના કાળુભાઈ સુખવાણી ઉપસ્થિત રહેશે. આ કેમ્પમાં જૂનાગઢના વિવિધ રોગના નિષ્ણાંત ડોકટરો સેવા આપશે. આ કેમ્પનો લાભ લેવા માંગતા દર્દીઓએ અગાઉ કોઈ બિમારીના રીપોર્ટ કરાવેલ હોય તો તે સાથે લઈ આવવાના રહેશે. હૃદયરોગ, ડાયાબીટીસના દર્દીએ ભુખ્યા પેટે આવવું, આ કેમ્પમાં જરૂરીયાતમંદ દર્દીઓને સાશ્વત હોસ્પીટલ દ્વારા આરબીએસ, એચબીએ૧સી, એફપીજી, પીપીજી, લીપીડ પ્રોફાઈલ, બીએમઆઈ, ઈસીજી જેવા ટ્રસ્ટ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે. ટોરેન્ટ ફાર્મા તરફથી બીએમડી રીપોર્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવશે. આ કેમ્પ અંગે વધુ માહિતી મેળવવા માટે આયોજક લાલચંદભાઈ ગેહનાણી (મો.૯૦૯૯૫-૧૫૦૦૦) તથા ઓર્ગેનાઈઝર કૈલાસભાઈ અડવાણી (મો.૭૦૪૮૮-૩૬૪૫૭) નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# ડિસેમ્બરથી ઈનએક્ટિવ રહેલા જીમેલ એકાઉન્ટ ડિલીટ થશે

નવી દિલ્હી, તા.૨૯

ગૂગલ ૧ ડિસેમ્બરે એક મોટું પગલું ભરવા જઈ રહ્યું છે. વાસ્તવમાં ગૂગલ ડિસેમ્બરથી ઈનએક્ટિવ રહેલા Gmail એકાઉન્ટને હંમેશા માટે ડિલીટ કરવા જઈ રહ્યું છે. જો તમારું પણ કોઈ એકાઉન્ટ ઈનએક્ટિવ છે અને તમારો ડેટા તેમાં છે તો તમારે તેનો ઝડપથી બેકઅપ લેવો જોઈએ. જો તમે તમારા ઈનએક્ટિવ એકાઉન્ટનો બેકઅપ નહીં લો તો એક ડિસેમ્બરે આ એકાઉન્ટ સાથે તમારો ડેટા ડિલિટ કરી દેવામાં આવશે. ચાલો જાણીએ કે Google આવા ઈનએક્ટિવ એકાઉન્ટને કેમ ડિલિટ કરવા જઈ રહ્યું છે. ગૂગલ ૧ ડિસેમ્બરના રોજ એવા યુઝર્સના એકાઉન્ટ ડિલીટ કરવા જઈ રહ્યું છે જેમણે છેલ્લા ૨ વર્ષથી જીમેલ એકાઉન્ટનો ઉપયોગ નથી કર્યો. જો તમે બે વર્ષથી કોઈ મેઈલ મોકલ્યો નથી કે મેળવ્યો નથી અથવા





તમારા એકાઉન્ટમાં લોગ ઈન નથી કર્યું તો સમજી લો કે તમારું જીમેલ એકાઉન્ટ ૧ ડિસેમ્બરે ડિલીટ થઈ જશે. તમારા Google એકાઉન્ટને ડિલિટ થતુ રોકવા માટે તમારે તેનો નિયમિત ઉપયોગ કરવો જોઈએ. જો તમે તમારા Google એકાઉન્ટમાં ઈમેઈલ મોકલો છો, ફોટા અથવા ડ્રાઈવ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરો છો અથવા કોઈપણ Google સેવાનો ઉપયોગ કરો છો તો તમારું એકાઉન્ટ લૉક કરવામાં આવશે નહીં. Google ની નવી નીતિમાં કેટલાક વિશિષ્ટ પ્રકારના એકાઉન્ટ્સ સામેલ કરવામાં આવ્યા નથી. આમાં શાળા અથવા વ્યવસાયિક વિશ્વના Google અને Gmail એકાઉન્ટનો સમાવેશ થાય છે. તેમાં Gmail, Drive, Docs, Me[a], Calendar અને Photos સામેલ છે. કંપનીનું કહેવું છે કે યુટ્યુબર અને બ્લોગર્સને આ યાદીમાંથી બહાર રાખવામાં આવ્યા છે. જો તમે તમારું જીમેલ એકાઉન્ટ ડિલીટ કરવા માંગતા નથી તો તરત જ તેમાં લોગિન કરો અને મેઈલ કરવાનું શરૂ કરો. તમારા એકાઉન્ટનો પાસવર્ડ પણ એકવાર બદલો. જો તમે તમારું એકાઉન્ટ એક્ટિવ રાખવા નથી માંગતા તો તમારે તેમાં રહેલા ડેટાનો બેકઅપ લેવો જોઈએ.

# SDRFના ધોરણ મુજબ ખેડૂતોને થયેલ નુકસાનીની સહાય ચૂકવાશે

## હેક્ટર દીઠ ૬ હજાર ૮૦૦ સહાય ચૂકવવામાં આવે છે : ૩૩ ટકાથી વધુ નુકસાન હશે તો જ સહાય મળશે : વરસાદથી ખેત પાકોને ભારે નુકશાન , કૃષિમંત્રી રાઘવજી પટેલે આપ્યું નિવેદન

ગાંધીનગર, તા.૨૯

કમોસમી વરસાદથી સમગ્ર ગુજરાતના ખેડૂતોને પારાવાર નુકશાની થઈ છે. રાજયના હવામાન વિભાગ દ્વારા ૨૪ થી ૨૮ નવેમ્બર સુધી કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે સમગ્ર ગુજરાતમાં તેની અસર જોવા મળી હતી. બે દિવસ દરમ્યાન છૂટાછવાયા પડેલા વરસાદે ખેત પાકોને ભારે નુકશાન પહોંચાડ્યું છે. રવિપાકમાં વરસાદના કારણે કપાસ પલળી ગયો છે. જ્યારે બાજરી, જુવાર, ઘઉં, જીરું ચણા, સહિતના પાકને પણ માવઠાનો માર લાગ્યો છે. અચાનક કરા સાથે વરસેલા ભારે વરસાદના કારણે વાડી ખેતરોમાં ઊભા પાક ઢળી પડ્યા છે. ત્યારે હવે ગુજરાત સરકાર ખેડૂતોની મદદે આવી છે. સરકારે ખેડૂતોની નુકસાની સામે સહાય જાહેર કરી છે. ૨ દિવસ પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોના કપાસ, તુવેર અને એરંડાના પાકને નુકસાન થયું છે. ત્યારે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, કપાસમાં મુખ્ય ફાલ વિણાઈ ગયો છે... છેલ્લી વીણીમાં નુકસાન સામે આવ્યું છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલની પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, કમોસમી વરસાદને પગલે કપાસ, તુવેર અને એરંડાના પાકને નુકસાન થયું છે. દિવેલા પાકનું ઉત્પાદન ૭ લાખ હેકટરમાં નોંધાયેલું છે જેની કાપણી પૂર્ણ થઈ ચૂકી હતી. ૨ દિવસમાં ૨૩૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો ૧૧૨ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ થયો છે. ૩૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૬ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો. કપાસ, તુવેર અને એરંડાને નુકસાન સામે આવ્યું છે. કપાસમાં મુખ્ય ફાલ વીણાઈ ગયો છે, પરંતુ છેલ્લી વીણીમાં નુકસાન સામે આવ્યું છે. ખેડૂતોને સહાય માટે કૃષિ મંત્રીએ કહ્યું કે, જીઢ્ઠઈહ્વના ધોરણ મુજબ ખેડૂતોને નુકસાનીની સહાય ચૂકવવામાં આવશે. હેકટર દીઠ ૬ હજાર ૮૦૦ સહાય ચૂકવવામાં આવે છે. ૩૩ ટકાથી વધુ નુકસાન હશે તો જ સહાય મળશે. તેમણે વધુમાં કહ્યું કે, ૨ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર છે. એક થી બે દિવસમાં વાદળા દૂર થઈ જશે. રવિ સીઝનમાં ૧૫ થી ૧૬ લાખ હેકટરમાં વાવેતર નોંધાયું છે. આ વાવેતર હજુ પ્રારંભિક તબક્કામાં છે. જો વધુ વરસાદ પડે અને પાણી ભરાયેલું રહે તો નુકસાન જવાની ભીતિ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈએ મને ટેલિફોન તાત્કાલિક સર્વે કરવા આદેશ આપ્યો છે. આજે બપોરે ગાંધીનગરમાં મિટિંગ બોલાવી છે. સહાય અંગે આજની બેઠકમાં નીતિ નક્કી કરવામાં આવશે. સર્વે બાદ સહાયની જાહેરાત કરવામાં આવશે. કૃષિ મંત્રીએ જણાવ્યું કે, ૧૧૨ તાલુકાઓ એક ઈંચ વરસાદ પડ્યો છે. ૮૬ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. કપાસ, તુવેર અને એરંડા



મોટું નુકસાન થયું છે. કપાસના પાકમાં છેલ્લી વીણી બાકી હોય તેમાં નુકશાન થયું છે. દિવેલાના પાકમાં મોટા ભાગે કાપણી થઈ ગઈ હતી. કપાસ,એરંડા અને તુવેરમાં ૨૦ થી ૨૫ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. રાઘવજીભાઈએ કહ્યું મોટા ભાગનો પાક ખેડૂતોએ લઈ લીધો હતો. જેમાથી ત્રણ થી ચાર લાખ હેક્ટરમાં નુકશાન થયું છે. ગુજરાત સરકારે છેલ્લાં ૯ વર્ષમાં ૧૦,૭૦૦ કરોડની સહાય ચૂકવી છે. હજુ કુદરતી આફતોમાં ખેડૂતોને સહાય ચુકવવામાં આવશે.

## મલેશિયાએ એક મોટી જાહેરાત કરી

# ૧ ડિસેમ્બરથી ભારતના પ્રવાસીઓને ૩૦ દિવસ માટે વિઝા ફ્રી મુસાફરીની મંજૂરી

નવી દિલ્હી, તા.૨૯

કોવિડ-૧૯ મહામારી સમાપ્ત થયા બાદ દેશ પોતાની અર્થવ્યવસ્થાને સુધારવા માટે પર્યટનને પ્રોત્સાહન આપી રહ્યા છે. આ જ કડીમાં મલેશિયાએ એક મોટી જાહેરાત કરી છે. મલેશિયાએ કહ્યું કે તે ૧ ડિસેમ્બરથી ભારતના પ્રવાસીઓને ૩૦ દિવસ માટે વિઝા ફ્રી મુસાફરીની મંજૂરી આપશે. પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમે કહ્યું કે આ જ નિયમ ચીનના નાગરિકો માટે પણ લાગૂ છે. શ્રીલંકા, થાઈલેન્ડ બાદ ભારતીય નાગરિકો માટે વિઝા ફ્રી મુસાફરીની મંજૂરી આપનારા દેશમાં મલેશિયા પણ જોડાયો છે. હાલમાં સાઉદી અરબ, બહેરીન, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત , ઈરાન, તુર્કી અને જોર્ડનના મુસાફરોને દેશમાં વિઝા છૂટનો આનંદ મળે છે. જો કે પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય અને ચીની નાગરિકો માટે વિઝા છૂટ સુરક્ષા મંજૂરીને આધીન હશે. તેમણે કહ્યું કે અપરાધિક રેકોર્ડ અને હિંસાના જોખમવાળા લોકોને વિઝા મળશે નહીં. અનવરે કહ્યું કે ગૃહમંત્રી સૈફુદીન નસુશન ઈસ્માઈલ જલદી વિઝા છૂટ પર વિવરણની જાહેરાત કરશે. અત્રે જણાવવાનું કે ૨૪ નવેમ્બરના રોજ ચીને ૧ ડિસેમ્બર ૨૦૨૩થી ૩ નવેમ્બર ૨૦૨૪ સુધી મલેશિયાના લોકો માટે ૧૫ દિવસના વિઝા ફ્રી નીતિની જાહેરાત કરી. ચીની સરકારનો આભાર માનતા અનવરે કહ્યું કે, આગામી વર્ષ મલેશિયા ચીન સાથે રાજનયિક સંબંધોના ૫૦ વર્ષની ઉજવણી કરશે. નોંધનીય છે કે આ જાહેરાત આસિયાન-ભારત મીડિયા એક્સચેન્જ પ્રોગ્રામ ૨૦૨૩ હેઠળ થઈ, જ્યાં મલેશિયાના ઉચ્ચાયુક્ત બીએન રેડ્ડીએ કહ્યું કે મલેશિયા સાથે ભારતનો સંબંધ 'ખુબ કિંમતી' હતો. તેમણે કહ્યું કે, આ એક એવો સંબંધ છે જે નિકટતા, પ્રવાસી સંપર્ક અને આ વધેલી રણનીતિક ભાગીદારીને સાકાર કરવાની બંને દેશોની સરકારોની ઈચ્છાને જોતા ક્ષેત્ર માટે ખુબ મહત્વપૂર્ણ છે. બંને દેશોએ ગત વર્ષે જ ૬૫ વર્ષના રાજનયિક સંબંધોનું સમાપન કર્યું અને હવે



૨૦૧૫માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવાસ દરમિયાન સ્થાપિત વધેલી રણનીતિક ભાગીદારીને સાકાર કરવાની પ્રક્રિયામાં છે. વર્ષ ૨૦૨૨માં ભારત મલેશિયાનો ૧૧મો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર હતો. જેનો કુલ વેપાર RM 86.22 બિલિયન (USD 19.63 બિલિયન) હતો, જે ૨૦૨૧માં નોંધાયેલા મૂલ્યની સરખામણીમાં ૨૩.૬ ટકાનો વધારો દર્શાવે છે.

# હાર્દિકભાઈ વી. ટાંકનો આજે જન્મદિવસ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨૯



ખુબ બહોળું મિત્ર વર્તુળ ધરાવતા, ધર્મપ્રિય, સરળ અને સમાજમાં પ્રિતી પાત્ર અને રાજકારણમાં લોકચાહના મેળવનાર, પોતે કષ્ટ ભોગવીને બીજાને અને સમાજને મદદ માટે હરહંમેશા તૈયાર રહેનાર, ખુશીઓ આપીને ખુશ રહેનારા શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા કાઠીયાવાડ યુવા સંગઠન પ્રમુખ, શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા કાઠીયાવાડ સમાજ-ટ્રસ્ટી, શ્યામ મંદિર સમિતિ, રાજકોટ બિલ્ડીંગ કોન્ટ્રાકટર એસોસીએશન કમીટી મેમ્બર, યુવા બિલ્ડર બિલ્ડટોનના ઓનર, વોર્ડ નં.૧૮ ના યુવા ભાજપ પ્રભારી હાર્દિકભાઈ વી. ટાંકને તેમના જન્મદિવસ નિમિત્તે ખુબ-ખુબ શુભેચ્છા મો. ૮૪૩૪૫ ૭૭૭૭૭ ઉપર પાઠવવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં બર્ફીલા પવન ફૂંકાતા જનજીવન પ્રભાવિત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં રવિવારે કમોસમી વરસાદ પડતા ટાઢુમોડ વાતાવરણ સર્જાયું હતું. આ ઉપરાંત જૂનાગઢ શહેરની વાત કરીએ તો જૂનાગઢ શહેરમાં કમોસમી વરસાદ બાદ પવનની ઝડપ વધી જવાના કારણે બર્ફિલા પવનો ફુંકાવા શરૂ થયા હતા અને જેને લઈને વાતાવરણ ઠંડુગાર બની ગયું છે. ગઈકાલે મંગળવારે દિવસ દરમ્યાન લોકોને ઠંડીનો સામનો કરવો પડયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સમયમાં પણ ઠંડીનું પ્રમાણ વધી જશે અને ઠંડીની તીવ્રતા વધે તેવી શકયતા છે. આ સાથે જ શિયાળીની આક્રમક ભરી ઠંડીનું મોજું જૂનાગઢ અને સોરઠ પંથકમાં પ્રસરી જાય તેવા નિર્દેષો મળી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં કમોસમી વરસાદ બાદ પવનની ઝડપ વધી જવા સાથે બર્ફિલા પવન ફૂંકાવાનું શરૂ થયું છે. જેના કારણે વાતાવરણ ઠંડુગાર બની ગયું છે.





**આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ ગગડે તેવી આગાહી સાથે ઠંડીની તીવ્રતા વધશે**

મંગળવારે દિવસભર લોકોને ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે હજુ આગામી સમયમાં પણ ઠંડીનું જોર વધી શકે છે. હાલમાં જે લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી છે જે આગામી દિવસોમાં ઘટીને ૧૪ થી ૧૫ ડિગ્રી થઈ શકે છે. પરિણામે હજુ પણ ઠંડીનું પ્રમાણ વધી જશે. જૂનાગઢ શહેરમાં શિયાળાની ઋતુના પગરવ થઈ ગયા છે. ખાસ કરીને વ્હેલી સવારના અને મોડી સાંજ બાદ વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. ફૂલ ગુલાબી ઠંડીનો લોકોને સામનો કરવો પડી રહ્યો છે. દરમ્યાન પડેલા કમોસમી વરસાદ અને બાદમાં પવનની ઝડપ વધતા શહેરમાં વાતાવરણ ટાઢુંબોળ થઈ ગયું છે. જૂનાગઢ કૃષિ યુનિ. ગ્રામિણ મોસમ વિભાગના ધિમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, એકતો જૂનાગઢ શહેરમાં વાતાવરણમાં આવેલા પલટાના કારણે કમોસમી વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. બાદમાં પવનની ઝડપ વધી જતા ઠંડીની અસર વધુ જણાઈ રહી છે. મંગળવારે ૧૫ કિમીથી વધુના ઝડપે બર્ફિલા પવન ફુંકાયા હતા જેના કારણે દિવસભર વાતાવરણમાં ઠંડક વર્તાઈ હતી. મંગળવારે લઘુત્તમ તાપમાન ૧૯.૧, મહત્તમ ૨૭.૩ ડિગ્રી નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે ૯૪ ટકા અને બપોર બાદ ૫૫ ટકા રહ્યુંહતુંઅને પવનની એવરેજ ઝડપ ૬.૭ કિમી પ્રતિ કલાકની રહેવા પામી હતી. જોકે, હજુ આગામી દિવસોમાં ઠંડી વધશે. હાલમાં જે લઘુત્તમ તાપમાનનો પારો ૧૯ ડિગ્રી આસપાસ છે તે ગગડીને ૧૪ થી ૧૫ ડિગ્રી સુધી આવીજશે જેથી ઠંડીનો ચમકારો અનુભવાશે.

# વંથલી, વિસાવદર, ભેંસાણ પંથકમાં અકસ્માતના ત્રણ બનાવમાં બે મહિલા સહિત ત્રણના મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

વંથલી, વિસાવદર, ભેંસાણ પંથકમાં અકસ્માતના ત્રણ બનાવ બન્યા છે. જેમાં ગંભીર રીતે ઘવાયને મૃત્યું પામનારામાં બે મહિલા સહિત ત્રણનો સમાવેશ થાય છે. અકસ્માતે મૃત્યુંના આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, અકસ્માતના જે ત્રણ બનાવ બન્યા છે તેમાં વંથલીથી જૂનાગઢ જતા હાઈવે રોડ ઉપર ગુરૂકુળ સ્વામિ મંદિર નજીક અકસ્માતનો બનાવ બનેલ છે. જે અંગે કેતનભાઈ જેન્તીભાઈ કલોલા(ઉ.વ.૪૯) રહે.વંથલી વાળાએ ટ્રાવેલ્સ બસ નંબર જીજે-૦૬-એએકસ-૮૯૮૯ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના ભાભુ રસીલાબેન જેન્તીભાઈ કલોલા તથા સાહેદ ચંદનબેન વિજયભાઈ મહેતા વંથલીથી જૂનાગઢ તરફ જતો રોડ ગુરૂકુળ સ્વામિ મંદિર પાસે ક્રોસ કરતા હતા તે સમયે ટ્રાવેલ્સ બસ જેના રજી. નં. જીજે-૦૬-એએકસ-૮૯૮૯ના ચાલકે પોતાના હવાલાની બસ પુરઝડપે હંકારી ફરિયાદીના ભાભુ રસીલાબેન તથા ચંદનબેનને ટક્કર મારી નીચે પછાડી દઈ ફરિયાદીના ભાભુ રસીલાબેનનું મોત નીપજાવી તેમજ ચંદનબેનને કપાળના ભાગે આંખ પાસે ઈજા પહોંચાડી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત જૂનાગઢના વિસાવદરમાં રાત્રે પુત્રવધુ, પાડોશી મહિલા સાથે રામામંડળ જોવા જતા વૃદ્ધાનું બોલેરો હડફેટે મોત થતાં ગમગીની છવાઈ ગઈ હતી. આ અકસ્માતની પોલીસમાંથી મળતી વિગત અનુસાર જૂનાગઢના વિસાવદરમાં હનુમાનપરામાં રહેતા સોનલબેન મુકેશભાઈ રાખોલીયા(ઉ.વ.૩૩) તથા તેમના સાસુ લાભુબેન અને પાડોશી લીલાબેન ભુપતભાઈ વઘાસિયા સોમવારની રાત્રે ૧૦વાગ્યાના અરસામાં પગપાળા વિસાવદર ખાતે સતાધાર રોડ ઉપર આવેલ આર્ય સમાજ પાસે રામામંડળ જોવા માટે જતા હતા. તે સમયે સતાધાર રોડ ઉપરથી પૂરપાટ ઝડપે આવેલી અજાણી બોલેરોના ચાલકે લાભુબેનને હડફેટમાં લેતા તેનું ગંભીર થવાથી સ્થળ ઉપર જ મૃત્યું હતું. આ અકસ્માત અંગે વિસાવદર પોલીસે ગુનો નોંધીને બોલેરો ચાલકની શોધખોળ હાથ ધરી છે. જયારે ભેંસાણના ખારચીયા ગામથી રાણપુર ગામ વચ્ચે રોડ ઉપર અકસ્માતનો બનાવ બનવા પામેલ હતો. આ અંગે ગમાપીપળીયા તા.બાબરા જી.અમરેલીના ધર્મેન્દ્રભાઈ મેરામભાઈ પરમાર (ઉ.વ.૩૦) એ વાલાભાઈ હિરાભાઈ મહિડા રહે.ઘુંઘરાળા રીક્ષા નંબર જીજે-૧૪-વાય-૨૪૦૫ના ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી પોતાના હવાલાની રીક્ષા પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી અને માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હોય તે દરમ્યાન રીક્ષા પલ્ટી જતા આ રીક્ષામાં બેઠેલા ફરિયાદીના પિતા મેરામભાઈ નાજાભાઈ પરમારને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યું થયું છે. જયારે ફરિયાદીના માસી જેસીબેનને શરીરે નાની-મોટી ઈજા પહોંચ્યાનું પોલીસમાં ફરિયાદમાં જણાવેલ છે. ભેંસાણ પોલીસે આરોપી રીક્ષા ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### લાખો ભાવિકોની જયાં શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર છે તેવા

# સુપ્રસિધ્ધ દામોદર કુંડમાં કાયમી ધોરણે સ્વચ્છ અને નિર્મળ જળ વહેતું રહે તેવી ભાવિકોની માંગ



**પવિત્ર દામોદર કુંડ અને દામોદરજી મંદિર જૂનાગઢની પૌરાણીક ધરોહર સમા સ્થાનોની ગરીમા જળવાય તે માટે કામગીરી કરવાની માંગણી ઉઠી**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢના સુપ્રસિધ્ધ દામોદર કુંડ એટલે લાખો શ્રધ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર છે. આવા પવિત્ર દામોદર કુંડમાં દર્શનનો લાભ લેવા અને સ્નાન વિધી સહિતના ધાર્મિક કાર્યો માટે જૂનાગઢ સહિત દેશના દુર-દુરના વિસ્તારોમાંથી ભાવિકો દર વર્ષે આવતા હોય છે. ત્યારે પવિત્ર એવા દામોદર કુંડમાં કાયમને માટે નિર્મળ અને સ્વચ્છ જળ વહેતા રહે તેવું આયોજન કરવાની લાગણી અને માંગણી ભાવિકો દર્શાવી રહ્યા છે. જૂનાગઢ નજીક ભવનાથ તળેટી જવાના માર્ગ ઉપર સુપ્રસિધ્ધ દામોદર કુંડ આવેલો છે. દામોદર કુંડ અને દામોદરજી મંદિરનું ખુબ જ પૌરાણીક મહત્વ છે અને તેટલું જ આધ્યામિક મહત્વ રહેલું છે. ભાવિકો અહીં દર્શન કરી ધન્યતા અનુભવે છે તેમજ ભગવાન રાધાદામોદરજી તેમજ રેવતી બલદેવજીના સૌના મનોરથ પુર્ણ કરે છે. આ સાથે જ પવિત્ર દામોદર કુંડમાં સ્નાન કરવાનું ખુબ જ મહત્વ છે. જે રીતે ગંગા અને યમુનામાં સ્નાન કરવાનું મહત્વ છે તે જ રીતે દામોદર કુંડમાં સ્નાન કરવાથી પાપ મુકત થઈ લોકો પુણ્યની પ્રાપ્તી કરે છે. ભકત કવિ નરસિંહ મહેતા પણ દરરોજ દામોદર કુંડમાં સ્નાન કરવા આવતા અને અહીં ભજનો પણ ગાતા હતા. પવિત્ર દામોદર કુંડ અને દામોદરજી મંદિર જૂનાગઢની પૌરાણીક ધરોહર છે એવા આ પરમપવિત્ર સ્થાનોની ગરીમા જળવાય તે માટે કામગીરી કરવાની માંગણી ઉઠી છે. મળતી વિગત અનુસાર દામોદર કુંડનું પાણી હાલ દુષિત અને કાળુ પડી ગયું છે. તે અંગેની જૂનાગઢના જાગૃત નાગરિક અમૃતભાઈ દેસાઈ દ્વારા રજુઆતો પણ કરવામાં આવી છે અને આ અંગે તાત્કાલીક પગલા ભરવા જણાવવામાં આવેલ છે. બીજી તરફ મનપાના જવાબદાર અધિકારી દ્વારા એવું જણાવવામાં આવેલ છે કે, દામોદર કુંડમાં પાણી જે દુષિત બન્યું છે તે પરિક્રમામાં લાખો ભાવિકો આવેલા હોય અને પવિત્ર દામોદર કુંડમાં સ્નાન કરવાથી આ પાણી દુષિત બન્યું છે અને તે પાણી નિકાલ માટે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ભવનાથ ક્ષેત્ર એટલે તીર્થોની નગરી કહેવાય છે. અહીં અનેક ધાર્મિક સ્થળો આવેલા છે.

તળેટી જવાના માર્ગ ઉપર જ દામોદર કુંડ આવેલો છે તેમજ રાધાદામોદરજી મંદિર પણ આવેલું હોય ત્યારે અહીં ભાવિકોનો પ્રવાહ સતત આવતો રહ્યો છે. શહેરના લોકો પણ અહીં નિમિત આવતા હોય છે તેમજ દામોદર કુંડ ખાતે દુરથી ભાવિકો પિતૃ તર્પણ વિધી, શ્રાધ્ધ કર્મ માટે આવતા હોય છે. ત્યારે દામોદર કુંડમાં દુષિત પાણીને લઈને અહીં આવનારા ભાવિકોની લાગણી દુભાતી રહે છે. એવું આયોજન કરવું જોઈએ કે પવિત્ર દામોદર કુંડમાં કાયમી ધોરણે સ્વચ્છ અને નિર્મળ જળ વહેતું રહે તેવા આયોજનની માંગણી ઉઠી છે.


ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

:: જોઈએ છે ::
કાપડ બિઝનેસ માટે પરચેઝ બીલ-સેલીંગ બીલ તથા નેટ બેકીંગના નિષ્ણાંત કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
:: કોન્ટેક નંબર ::
મો. ૯૪૨૭૨ ૧૨૮૮૦

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

અદ્યતન બંગલો વેચવાનો છે
બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અદ્યતન બંગલો વેચવાનો છે.
દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.
મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ